dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue - 345 | AD - 2025, Bhadarva Vad-14 | Saturday, Dt.20-09-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ભાજપે રાહુલ ગાંધીને ભારતીય લોકશાહી માટે ખતરનાક ગણાવ્યા

## શ્રીલંકા-બાંગ્લાદેશમાં થયું તેવું ભારતમાં થાય તેવી કોંગ્રેસની ઈચ્છા : ભાજપ

નવીદિલ્હી,તા.૧૯

રાહુલ ગાંધીની GenZ યોજના પર રાજકીય યુદ્ધ શરૂ થયું છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર એક પોસ્ટ પોસ્ટ કરી જેણે દેશની રાજનીતિને ગરમ કરી દીધી છે. રાહુલ ગાંધીએ લખ્યું કે દેશના યુવાનો, વિદ્યાર્થીઓ અને જનરલ ઝેડ બંધારણ બચાવશે, લોકશાહીનું રક્ષણ કરશે અને મતચોરી અટકાવશે. તેઓ આમાં તેમની સાથે ઉભા છે. આ સાથે રાહુલ ગાંધીએ પોતાનો એક ફોટો પણ પોસ્ટ કર્યો, જેમાં લખ્યું કે લોકશાહી ક્યારેય કાઢી શકાતી નથી. ભાજપે રાહુલ ગાંધીના નિવેદન પર સવાલ ઉઠાવતા કહ્યું કે રાહુલ ભારતીય લોકશાહી માટે ખતરનાક છે.

રાહુલ ગાંધીની પોસ્ટથી રાજકીય યુદ્ધ શરૂ થયું છે. ભાજપનું કહેવું છે કે રાહુલ ગાંધીનો હેતુ દેશમાં અરાજકતા ફેલાવવાનો છે. કોંગ્રેસ ઈચ્છે છે કે ભારતમાં પણ એવું જ થાય જે શ્રીલંકા અને બાંગ્લાદેશમાં થયું હતું. રાહુલ ગાંધી ભારતમાં પણ એવું જ કરવા માંગે છે જે જનરલ ઝેડએ થોડા દિવસો પહેલા નેપાળમાં કર્યું હતું.

ભાજપ પ્રવક્તા પ્રદીપ ભંડારીએ રાહુલ ગાંધીને ભારતીય લોકશાહી માટે ખતરનાક ગણાવ્યા અને કહ્યું કે રાહુલ ગાંધી ઘૂસણખોરોને બચાવવાના અભિયાનને પ્રોત્સાહન આપવા માટે આ બધું કરી રહ્યા છે.




ભાજપે રાહુલ ગાંધીને ભારત વિરોધી શક્તિઓ માટે પોસ્ટર બોય પણ ગણાવ્યા છે. રાહુલ ગાંધીની જનરલ ઝેડ યોજનાને હવે નેપાળની જનરલ ઝેડ ક્રાંતિ સાથે જોડી દેવામાં આવી રહી છે. કારણ કે નેપાળમાં ૮ સપ્ટેમ્બરે યુવાનો અને વિદ્યાર્થીઓ સરકાર સામે રસ્તા પર ઉતર્યા હતા. તેમનો ગુસ્સો સિસ્ટમ સામે હતો. પ્રદર્શનકારીઓએ સંસદ ભવનથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી બધું જ સળગાવી દીધું, બળવો કર્યો, મંત્રીઓ અને રાષ્ટ્રપતિના ઘરોને આગ ચાંપી દીધી, હોટલો અને મોટા શોરૂમ પણ સળગાવી દીધા. તેથી, ભાજપ હવે રાહુલ ગાંધીના ઈરાદા પર સવાલ ઉઠાવી રહી છે. ભાજપ પૂછી રહી છે કે શું રાહુલ ગાંધી ભારતને નેપાળ જેવું બનાવવા માંગે છે.

જ્યારે રાહુલ ગાંધી મતચોરી સામેની લડાઈને યુવાનો અને સરકાર વચ્ચેની લડાઈ તરીકે દર્શાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, ત્યારે ગૃહમંત્રી અમિત શાહે સ્પષ્ટપણે કહ્યું છે કે ભાજપ ઘૂસણખોરોને દેશમાંથી બહાર નહીં કાઢે ત્યાં સુધી શાંત નહીં રહે. અમિત શાહે કહ્યું કે આ દિવસોમાં રાહુલ ગાંધી મતચોરી, મતચોરીના નારા લગાવી રહ્યા છે. થોડા દિવસો પહેલા, તેમણે બિહારમાં મત અધિકાર યાત્રામાં પણ ભાગ લીધો હતો, પરંતુ વાસ્તવમાં, તે બાંગ્લાદેશી ઘૂસણખોરોને બચાવવા માટેનું અભિયાન હતું, કારણ કે ઘૂસણખોરો કોંગ્રેસની વોટબેંક છે. અમિત શાહે કહ્યું કે રાહુલ ગાંધી અને તેમના મિત્રોએ સાંભળવું જોઈએ કે ભાજપ ઘૂસણખોરોને બિહારના લોકોના અધિકારો છીનવી લેવા દેશે નહીં.

નિશિકાંત દુબેએ કહ્યું, રાહુલ ગાંધી ભારતમાં ગૃહયુદ્ધ ઉશ્કેરવા માંગે છે. તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધીના દાદા (દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ) એ જ ગૃહયુદ્ધનો ઉપયોગ દેશને વિભાજીત કરવા માટે કર્યો હતો. તેઓ સોરોસ ફાઉન્ડેશન સાથે મળીને દેશને વિભાજીત કરી રહ્યા છે.

## મેરઠમાં બે સમુદાયો વચ્ચે હિંસા, પથ્થરમારો અને ગોળીબાર થતા પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

મેરઠ,તા.૧૯

ઉત્તર પ્રદેશના મેરઠના વાતાવરણને ખલેલ પહોંચાડવાનું કાવતરું ફરી એકવાર ફાટી નીકળ્યું છે. મેરઠના લોહિયા નગરમાં રસ્તાના એક નાના વિવાદને કારણે બે સમુદાયો વચ્ચે હિંસક અથડામણ થઈ છે. શારીરિક હિંસા અને પથ્થરમારાથી લઈને ગોળીબાર સુધી પરિસ્થિતિ વણસી ગઈ છે. આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદથી, વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ચાલો સમગ્ર વિવાદ વિશે વધુ જાણીએ. હકીકતમાં, આ સમગ્ર ઘટના લોહિયા નગર વિસ્તારના જલાલપુર ગામમાં બની હતી. ગઈકાલે બપોરે, આસિફ અને મોહિત વચ્ચે રસ્તા પર ઝઘડો થયો હતો. આસિફ મોહિતના ઘર પાસેથી ગાડી ચલાવી રહ્યો હતો. તે દરમિયાન, આસિફ અને મોહિત વચ્ચે રસ્તા પરથી ગાડી હટાવવા અંગે ઝઘડો થયો. પરસ્પર સમજણ દ્વારા મામલો ઉકેલાઈ ગયો હતો, પરંતુ તે રાત્રે પછી, આસિફ તેના મિત્રો સાથે પાછો ફર્યો. આસિફ અને તેના મિત્રોએ મોહિત અને અન્ય સમુદાયના સભ્યો પર હુમલો કર્યો હતો. મેરઠમાં થયેલા રમખાણો માટે જવાબદાર લોકો સામે પોલીસે ઝડપી કાર્યવાહી શરૂ કરી છે. જલાલપુર ગોળીબારની ઘટનાના મુખ્ય આરોપી આસિફ અને તેના છ સાથીઓની ધરપકડ કરવામાં આવી છે.


















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

શનિવાર, તા.૨૦-૦૯-૨૦૨૫

# લાઠીમાં 'જળક્રાંતિ': ઝરખડી નદીને ઊંડી ઉતારવા રૂ.૧૭ કરોડની મંજૂરી

લાઠી,તા.૧૯

લાઠી પંથકના ખેડૂતો અને સ્થાનિકો માટે એક મોટા આનંદના સમાચાર આવ્યા છે. લાઠીના ઝરખીયા, અડતાળા, ટોડા અને દુધાળા ગામોની જીવાદોરી ગણાતી ઝરખડી નદીને ઊંડી ઉતારવા માટે રાજ્ય સરકારે રૂ.૧૭ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ નિર્ણયથી આ વિસ્તારમાં જળસંચયની દિશામાં એક મોટું પગલું ભરવામાં આવ્યું છે. છેલ્લા ઘણા સમયથી ખેડૂતો ઝરખડી નદીને ઊંડી અને પહોળી કરવાની માંગ કરી રહ્યા હતા, જેથી ચોમાસાના વહી જતા પાણીનો સંગ્રહ કરી શકાય. આ માંગને ધ્યાનમાં લઈને, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા અને લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ સરકાર સમક્ષ આ પ્રશ્ન જોરદાર રીતે રજૂ કર્યો હતો. આ બંને જનપ્રતિનિધિઓના અથાગ પ્રયાસોથી આ પ્રોજેક્ટને મંજૂરી મળી છે.

**અમરેલી હોસ્પિટલ ખાતે શહીદનો પાર્થિવ દેહ આવી પહોંચ્યો, આજે સ્મશાનયાત્રા**

# બરફ માથે પડતાં જમ્મુ-કાશ્મીરમાં ફરજ બજાવતા લાઠીના ધામેલ ગામનો યુવાન શહીદ

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ધામેલ ગામનો યુવાન મેહુલ મેપાભાઈ ભરવાડ જમ્મુ-કાશ્મીરમાં ફરજ પર હતો ત્યારે અચાનક જ માથે બરફ પડતા મેહુલભાઈ શહીદ થયા હતા. જાણવા મળતી માહિતી મુજબ મેહુલભાઈ આર.આર. ૨૪ રેન્કમાં ફરજ બજાવતા હતા. જમ્મુ-કાશ્મીરમાં ફરજ બજાવી રહેલા મેહુલભાઈ ભરવાડ મા ભોમની રક્ષા કાજે પોતાની ફરજ દરમિયાન શહીદ થયા હતા. મેહુલભાઈ ભરવાડનો પરિવાર સુરતના કામરેજ વિસ્તારમાં રહે છે. મેહુલભાઈને સંતાનમાં બે દીકરા છે જેમાં મોટો દીકરો ધો.૧માં ભણે છે જ્યારે નાનો દીકરો બાલવાટિકામાં જાય છે. બંને પુત્રોને હજુ પિતાનો પ્રેમ મળે તે પહેલા જ મેહુલભાઈ પત્ની અને બે પુત્રોને છોડી જતા રહ્યાં છે. મેહુલભાઈનો પરિવાર સુરત રહે છે અને ઘણીવાર પોતાના વતન ધામેલ ગામે આવતા હોય છે. મેહુલભાઈનો પાર્થિવ દેહ વિમાન મારફતે રાજકોટ અને ત્યાંથી મોટરમાર્ગે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે આવી પહોંચ્યો હતો. આજે સવારે ૮ કલાકે મેહુલભાઈની સ્મશાનયાત્રા નીકળશે તેમજ તેમને ભારતીય સૈનિકો તરફથી ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. મેહુલભાઈ ભરવાડની શહીદીથી સમગ્ર લાઠી પંથકમાં શોકનો માહોલ છવાયો છે. વીર શહીદ મેહુલભાઈ ભરવાડની સ્મશાનયાત્રામાં દામનગરથી વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. મેહુલભાઈ શહીદ થતા નાનું એવું ધામેલ ગામ હીબકે ચડ્યું છે.




# DRUCCમાં અમરેલી જિલ્લાના પ્રતિનિધિત્વમાં ફેરફાર કરવા મિશન બ્રોડગેજ સમિતિ દ્વારા રજૂઆત

અમરેલી,તા.૧૯

અમરેલીની મિશન બ્રોડગેજ સમિતિ અને જિલ્લા વિકાસ સમિતિ દ્વારા DRUCCમાં જિલ્લાના પ્રતિનિધિત્વમાં ફેરફાર કરવા મુદ્દે રજૂઆત કરવામાં આવી છે. આ અંગે થયેલી રજૂઆત મુજબ, ભાવનગર ડિવિઝનની રેલવે ઉપભોક્તા સલાહકાર સમિતિમાં હાલમાં અમરેલી જિલ્લામાંથી જે પણ સભ્ય નિમાયેલા છે તે સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહેતા નથી અને અમરેલી જિલ્લાના રેલવેના પ્રશ્નો પણ ઉઠાવતા નથી. જિલ્લાના રેલવેના અનેક પ્રશ્નોની આ પ્લેટફોર્મ પર રજૂઆત, ચર્ચા થવી જોઈએ તે થતી નથી. અમરેલી જિલ્લો આજે પણ રેલવેની સુવિધા બાબતે ઘણો જ પાછળ છે જેનાથી જિલ્લાનો વિકાસ રૂંધાયો છે. અગાઉ આ સમિતિમાં સભ્ય તરીકે દિનેશભાઈ ગાંધી હતા ત્યારે વર્ષો સુધી તેમના દ્વારા જિલ્લાના રેલવેના અનેક પ્રશ્નો સમિતિના માધ્યમથી ઊઠાવતા હતા અને લડત આપી હતી. જેથી આ સમિતિમાં યોગ્ય સભ્યને નિમણૂક આપવામાં આવે તે માટે રેલવેને ભલામણ કરવા વિનંતી છે.



# મોટી કુંકાવાવ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિને સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

મોટી કુંકાવાવ,તા.૧૯

મોટી કુંકાવાવ ગામ ખાતે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સર્વરોગ નિદાન કેમ્પનું શુક્રવારે આયોજન કરાયું હતું. કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ, અમરેલી દ્વારા આયોજિત આ કેમ્પમાં વિવિધ રોગના નિષ્ણાત ડોક્ટર દ્વારા દર્દીઓની તપાસ, લેબોરેટરી તપાસ સાથે વિનામૂલ્યે દવાઓ પણ દર્દીઓને આપવામાં આવી હતી. ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, કુંકાવાવ તાલુકા પંચાયત સ્ટાફ, અમરેલી જિલ્લા પંચાયત સદસ્યો, તાલુકા ભાજપ પ્રમુખ અને ટીમ, જિલ્લા ભાજપ પ્રમુખ સહિત કુંકાવાવ તાલુકાના સરપંચોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ કેમ્પને સફળ બનાવવામાં કુંકાવાવ સરપંચ ફૌજી સંજયભાઈ લાખાણી સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.




# અમરેલીમાં સ્વદેશી અપનાવો અભિયાન હેઠળ પીએમ મોદીના જન્મદિનની ઉજવણી

અમરેલી,તા.૧૯



'સ્વદેશી અપનાવો' અભિયાન અન્વયે અમરેલીમાં એપેક્ષ સ્કૂલના બાળકોએ અનોખી રીતે વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી કરી હતી. એપેક્ષ સ્કૂલના કુલ ૭૫ વિદ્યાર્થીઓએ શહેરના ૭૫ મોટા વેપારીઓને ત્યાં રૂબરું મુલાકાત લીધી હતી. સાથે વિદ્યાર્થીઓએ વેપારીઓને CERTIFICATION OF APPRECIATION પણ આપ્યા હતા. એપેક્ષ સ્કૂલના વિદ્યાર્થીઓએ સ્વદેશી ચીજવસ્તુઓ અપનાવવાની અપીલ કરી હતી.

**ચરખા ગામે પીજીવીસીએલની બેદરકારી, જીવતા વીજવાયરને અડી જતા વૃધ્ધનું મોત**

# ફરિયાદ નોંધવા ગોપાલ ઈટાલીયાના ચલાલા પોલીસ સ્ટેશનમાં ધામા

ચલાલા,તા.૧૯

ચલાલાના ચરખા ગામે વાડીમાં જીવતો વીજવાયર પડેલો હોવાથી વાડી માલિકે આ વીજવાયરને દૂર ખસેડી લેવા માટે વીજ તંત્રને રજૂઆત કરી હતી. જો કે વીજ તંત્રએ આ રજૂઆતને ગંભીરતાથી ન લેતા પરિવારના મોભીને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ચલાલાના ચરખા ગામે વાડીમાં વીજવાયર પડેલો હોવાથી આ અંગે પીજીવીસીએલને જાણ કરવામાં આવી હતી. જો કે વીજ તંત્રએ આ ઘટનાને ગંભીરતાથી લીધી નહોતી. જેના કારણે દેવચંદભાઈ ગોવિંદભાઈ પોલરા (ઉ.વ.૬૬) જીવતા વીજવાયરને અડી જતા મોતને ભેટયા હતા. આ ઘટનાની જાણ થતા સાંજના સમયે ગોપાલ ઈટાલીયા સહિતના આગેવાનો મૃતક દેવચંદભાઈ ગોવિંદભાઈ પોલરાના પરિવારને સાંત્વના આપવા માટે ગયા હતા ત્યારે પરિવારજનોએ વૃધ્ધનું મોત પીજીવીસીએલની બેદરકારીને કારણે થયું હોવાનું જણાવ્યું હતું. પીજીવીસીએલ દ્વારા બેદરકારી દાખવવા બદલ પોલીસ ફરિયાદ નોંધવા માટે ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ચલાલા પોલીસ સ્ટેશનમાં ધામા નાખ્યા હતા. ગોપાલ ઈટાલીયાની સાથે આમ આદમી પાર્ટીના કાંતિભાઈ સતાસીયા સહિતના કાર્યકરો અને લોકોના ટોળા પોલીસ સ્ટેશને પહોંચી ગયા હતા. આ ઘટના બન્યા બાદ ગોપાલ ઈટીલીયાએ વીજ અધિકારીઓને પુરાવાનો નાશ કરવા બદલ આડેહાથ લીધા હતા. જો કે વીજ તંત્રએ આ ઘટના બાદ પુરાવાનો નાશ કરવા વીજવાયર બદલી નાખવામાં આવ્યો હતો. આ લખાય છે ત્યાં સુધીમાં હજુ પોલીસે ફરિયાદ નોંધી ન હોવાનું જાણવા મળ્યું છે.



# વડીયાના તોરી ગામના ૧૦૦થી વધુ ખેડૂતો સહાયથી વંચિત રહેતા ટીડીઓને ફરિયાદ

વડીયા,તા.૧૯

વડીયા-કુંકાવાવ તાલુકામાં ઓક્ટોબર ૨૦૨૪ના કમોસમી વરસાદથી કપાસના પાકમાં થયેલી નુકસાનીની સહાય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે. જેમાં તોરી ગામનો પણ સમાવેશ થયો છે. આ સહાય માટેની અરજી નિયત કરેલા ડોક્યુમેન્ટ સાથે ઓનલાઈન કરવાની છે. આ માટે દરેક ગ્રામ પંચાયત દ્વારા વીસીઈના માધ્યમથી અરજીઓ ઓનલાઈન અપલોડ થઈ રહી છે. ખેડૂતોના જણાવ્યા મુજબ તોરી ગામના ખેડૂતોને આ લાભ લેવા માટે ઓનલાઈન અરજી અપલોડ કરવામાં સમય લાગતો હોવાથી જરૂરી ડોક્યુમેન્ટ અને મોબાઈલ નંબર ગ્રામ પંચાયતમાં આપવા સરપંચ પતિ દ્વારા જણાવાયું હતું. તે મુજબ તમામ ખેડૂતોએ ડોક્યુમેન્ટ જમા કરાવ્યા હતા. આ ખેડૂતોએ થોડા સમય બાદ લોકોના અરજી ફોર્મ ન ભરાતા તપાસ કરતા સો જેટલાં ખેડૂતો કે જે સરપંચ અને સ્થાનિક આગેવાનોની વિરુદ્ધની પાર્ટી સાથે હોવાથી આ ફોર્મ ભર્યા નથી તેવું જાણવા મળ્યું હતું. તેમાંથી છ ફોર્મ સંપૂર્ણ ગાયબ થઈ ગયા હોવાનું જાણવા મળ્યું હતું. આ બાબતે ખેડૂતો દ્વારા સરપંચ પતિ અને તેના મળતીયાઓના આ કારનામાની લેખિત ફરિયાદ કુંકાવાવ તાલુકા વિકાસ અધિકારીને કરી હતી અને જો યોગ્ય કાર્યવાહી નહિ કરવામાં આવે તો આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી.

# અમરેલીમાં કૃષિ સખી-CRP માટે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજવામાં આવી

અમરેલી,તા.૧૯

અમરેલીની કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી અને આત્મા દ્વારા નોન મિશન ક્લસ્ટર અંતર્ગત કૃષિ સખી CRP માટે પ્રાકૃતિક કૃષિ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આત્માના નાયબ ખેતી નિયામક મહેશ જીડ અને કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના આચાર્ય ડૉ. સ્વપ્રિલ દેશમુખ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. દેશમુખ, બી.ડી. મકવાણા, આર.એચ. વઘાસીયા દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે માહિતી આપવામાં આવી હતી. મહેશ જીડ દ્વારા પ્રાકૃતિક કૃષિની વિવિધ યોજનાઓની માહિતી ખેડૂતોને આપવામાં આવી હતી. ખેડૂતોએ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગમાં પ્રાકૃતિક નિદર્શન ફાર્મની મુલાકાત કરી હતી.











## સરદારપ્રેમી ગોપાલભાઈ ચમારડી દ્વારા સરદાર સન્માન યાત્રાનું આયોજન કરાયું

# આજે સરદાર સન્માન યાત્રાને આવકારવા અમરેલી શહેર સજ્જ

અમરેલી, તા.૧૯

અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી પૂર્વે સરદારપ્રેમી અમરેલી જિલ્લાના પનોતા પુત્ર ગોપાલભાઈ વસ્તરપરા, ચમારડી વાળા તરફથી કર્મભૂમિથી લઈ ધર્મભૂમિ સુધીની સરદાર સન્માન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત તારીખ ૨૦ મી સપ્ટેમ્બરે સાંજે છ કલાકે સરદાર સન્માન યાત્રા અમરેલી શહેરમાં આવી રહી છે. આ સન્માન યાત્રાને સત્કારવા માટે અમરેલી શહેરની જુદી જુદી ધાર્મિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ, રાજકીય સંસ્થાઓ અને વૈશ્વિક સંસ્થાઓ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સરદાર સન્માન યાત્રા સાંજે ૬:૦૦ કલાકે અમરેલી શહેરમાં પધારશે. લાઠી રોડ પર આવેલ ગણેશ પાર્ટી પ્લોટથી શોભાયાત્રાની શરૂઆત થશે. વીર હમીરસિંહજી ગોહિલની પ્રતિમાને ફુલહાર કરી શોભાયાત્રા આગળ વધશે. જેમાં વલ્લભ ચેમ્બર્સ, શ્રીજી વિદ્યાર્થી ભુવન, પટેલ મંડપ સર્વિસ, મઢુલી પાઉભાજી, હોટલ ઢેબરા, વિદ્યાસભા, કોલેજ સર્કલ, મેડિકલ કોલેજ, માણેકસ્તંભ ચોક, ડોક્ટર હાઉસ, સરદાર સર્કલ, ગાંધી, હરિરામ બાપા ચોક, ભોજલરામ બાપા મંદિર, નાગનાથ મહાદેવ મંદિર, સંત મુળદાસ બાપાની મૂર્તિ થી રાજકમલ ચોક સુધીમાં શ્રી સ્વામિનારાયણ મંદિર પાણી દરવાજા, સ્વાધ્યાય પરિવાર, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, સ્વામિનારાયણ મહિલા મંદિર કેરીયા રોડ, શ્રી વૈષ્ણવ હવેલી, શ્રી



બ્રહ્માકુમારી કેરીયા રોડ, શ્રી ગાયત્રી પરિવાર, નાગનાથ ધૂન મંડળ, રામેશ્વર ધૂન મંડળ સહિતની ધાર્મિક સંસ્થાઓ, લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન સિટી અને રોયલ, રોટરી ક્લબ ઓફ અમરેલી મેઈન સિટી અને ગીર, અમરેલી વેપારી મહામંડળ, અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ, ટાવર ચોક વેપારી એસો., જીઆઈડીસી એસોસિએશન, મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસિએશન, સારહી યુથ ક્લબ ઓફ અમરેલી, વકીલ મંડળ, બાર એસોસિએશન, વિશ્વ હિન્દુ પરિષદ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, કૈલાશ મુક્તિધામ સમિતિ સહિતની સામાજિક સંસ્થાઓ, અમરેલી જિલ્લા ભાજપ પરિવાર, અમરેલી જિલ્લા કોંગ્રેસ પરિવાર, અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટી પરિવાર સહિતની રાજકીય પાર્ટીઓ સહિત શહેરના વિવિધ સમાજો, સામાજિક સંસ્થાઓ, રાજકીય સંસ્થાઓ, સ્વૈચ્છિક દ્વારા આ રૂટ પર સરદાર સન્માન યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. સરદાર સન્માન યાત્રાને આવકારવા માટે શહેરભરમાં થનગનાટ જોવા મળી રહ્યો છે. બાઈક રેલી સાથેની આ શોભાયાત્રામાં જોડાવા માટે યુવાનોથી લઈ વડીલોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સરદાર સન્માન યાત્રામાં જોડાવા માટે લેઉવા પટેલ સમાજ, ખોડલધામ સમિતિ, કડવા પટેલ સમાજ, લોહાણા સમાજ, સમસ્ત બ્રહ્મસમાજ, માલધારી સમાજ, આહિર સમાજ, ક્ષત્રિય સમાજ, ગુર્જર કડિયા સમાજ, સમસ્ત રાજપૂત સમાજ, કોળી સમાજ, નાઈ સમાજ, વાંઝા સમાજ, ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ, સગર સમાજ, સોની સમાજ, રામાનંદી સાધુ સમાજ, વાલ્મીકિ સમાજ, સમગ્ર મોઢ વણિક

### શોભાયાત્રાને વધાવવા શહેરીજનોમાં અનેરો ઉત્સાહ

સમાજ, દલિત સમાજ, સાધુ સમાજ સહિતના સમાજોના આગેવાનો દ્વારા હાકલ કરવામાં આવી છે. આ અંગે સરદાર સન્માન યાત્રા અમરેલીના કન્વીનર ડી.કે. રૈયાણીના માર્ગદર્શન નીચે વિવિધ સામાજિક આગેવાનોની કમિટી દ્વારા સમગ્ર કામગીરીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

**સાંજે ૬ કલાકે બાઈક રેલીમાં જોડાવા આયોજકો તરફથી શહેરીજનોને જાહેર આમંત્રણ**

**શહેરની વિવિધ સામાજિક, રાજકીય, સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આયોજનની તડામાર તૈયારીઓ શરૂ**

# મોટા ભમોદરા-નાળ-રબારીકા રોડ પર સ્લેબ ડ્રેઈન અને પ્રોટેક્શન દિવાલ બનશે

અમરેલી.તા,૧૯

સાવરકુંડલા તાલુકાના મોટા ભમોદરા-નાળ- રબારીકા રોડ પર રૂ. ત્રણ કરોડના ખર્ચે સ્લેબ ડ્રેઈન અને પ્રોટેક્શન દિવાલનું નિર્માણ થશે. સાથોસાથ ઘોબા-મોટા ભમોદરા-ભેંકરા-નાની વડાળ-ભોકરવા અને



પીઠવડી-ભેંકરા રોડ પર માઈનોર બ્રિજ પ્રોટેક્શન દિવાલનું કામ પણ રૂ.૩.૭૯ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવ્યું છે.

ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના પ્રયાસોથી આ કામ મંજૂર થતા ગ્રામજનોએ ધારાસભ્યનો આભાર માન્યો હતો.

## આખલાએ આધેડને છાતીમાં ઢીક મારતા ફેક્ચર થયું

# ગાવડકા ગામે આખલો હડકાયો થતાં ચાર લોકોને ઢીંકે ચડાવ્યાં

બાબાપુર,તા.૧૯

અમરેલી જિલ્લામાં રખડતા પશુઓને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. રખડતા પશુઓને કાબુમાં લેવા માટે અનેકવાર તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી થતી ન હોવાથી રખડતા પશુઓને કારણે લોકોમાં ભયનો માહોલ છવાયો છે. આવી જ હાલત ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળી રહી છે જેમાં અમરેલી તાલુકાના ગાવડકા ગામે એક આખલો હડકાયો થતાં ચાર લોકોને આખલાએ ઢીંક મારતા થોડા સમય માટે ગામમાં નાસભાગ મચી જવા પામી હતી. જેમાં ગામના જીવનભાઈ રાઘવભાઈ કાસાને આખલાએ ઢીંક મારતા જીવનભાઈને છાતીમાં ફેક્ચર થયું હોવાનું જાણવા મળ્યું છે. આ આખલો અન્ય કોઈને ઈજા પહોંચાડે તે પહેલા તેને પકડી પાડવા માંગ કરવામાં આવી છે.



તસવીર : હસુ રાવલ

# ચલાલામાં પ્રધાનમંત્રી મોદીના જન્મદિવસે પ્રાર્થના કરવામાં આવી

અમરેલી,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે ''સેવા પરમો ધર્મ'' ના સિદ્ધાંતને અનુસરીને વિવિધ સેવાકીય કાર્યો માટે ચલાલા શહેર ભાજપ દ્વારા ભીમનાથ મહાદેવ મંદિરમાં જળાભિષેક તેમજ મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, શહેર પ્રમુખ જીતુભાઈ કાથરોટીયા,



મહામંત્રી અશોકભાઈ ચૌહાણ, નગરપાલિકાના પ્રમુખ પ્રતિનિધિ ભયલુભાઈ વાળા, ઉપપ્રમુખ પ્રવીણભાઈ, ભરતભાઈ માલવિયા, મનસુખભાઈ ગેડિયા, અનુ.જાતિ મોરચા ઉપપ્રમુખ વિજયભાઈ વાળા, બાલાબાપુ દેવમુરારી, કેતનભાઈ સરવૈયા, કાળુભાઈ લશ્કરી સહિતના હાજર રહ્યાં હતા.

# સા.કુંડલાની શાળામાં પ્રશિક્ષણ વર્ગનો પૂર્ણાહૂતિ કાર્યક્રમ યોજાયો



અમરેલી,તા.૧૯

સાવરકુંડલા સ્થિત સંચાલિત શ્રી વી.ડી. કાણકીયા આર્ટ્સ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે તૃતીય વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના કૌશલ્યવર્ધન માટે સરકાર દ્વારા પ્રાયોજિત અને કે.સી.જી. સંચાલિત ફિનિશિંગ સ્કૂલ અંતર્ગત ''Life Skills & English Language Skill'' નામના પ્રશિક્ષણ વર્ગની પૂર્ણાહૂતિનો કાર્યક્રમ યોજાયો હતો.

# સા.કુંડલાની મોદી હાઈસ્કૂલમાં સાયબર જાગૃતિ સેમિનાર યોજાયો

સાવરકુંડલા,તા.૧૯

સાવરકુંડલા ખાતે જે.વી. મોદી હાઈસ્કૂલમાં સાયબર ક્રાઈમ વિશે સેમિનાર યોજાયો હતો. જેમાં સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાંથી નીતિનભાઈ ખસતીયા તેમજ આઈ.ટી. નિષ્ણાંત અભિષેકભાઈ મહેતાએ વર્તમાન સમયમાં સાયબર ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે તેની માહિતી આપી હતી. જેમાં ઓનલાઈન ખરીદી, ઓનલાઈન પેમેન્ટ વગેરે બાબતોમાં જે ચીટીંગ થઈ રહ્યું છે તેના વિશે ઓડિયો વીડિયો દ્વારા માહિતી આપી હતી. તેમજ ઓનલાઈન કસ્ટડી દ્વારા લોકોને છેતરવામાં આવે છે એવું કશું જ નથી માત્ર એક છેતરપિંડી છે. આ બધામાંથી બચવા શું કરવું તેના માટે પોલીસ તંત્રની કઈ એપ અને કયા નંબર ઉપર જાણ કરવાથી તમે બચી શકો છો તેની સમજણ આપી હતી.



# લાઠીમાં પ્રાકૃતિક કૃષિ વિષયક ગોષ્ઠિમાં તાલીમાર્થીઓને માહિતી આપવામાં આવી

અમરેલી,તા.૧૯

લાઠી ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગોષ્ઠિમાં લાઠી તાલુકામાં પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ સાથે સંકળાયેલા કૃષિ સખી અને સી.આર.પી.ને પ્રાકૃતિક કૃષિ સંબંધિત તાલીમ આપવામાં આવી હતી. પ્રાકૃતિક કૃષિ કરતા



કાળુભાઈ હુંબલના ખેતરે આ ગોષ્ઠિ યોજાઈ હતી. તાલીમાર્થીઓ માટે પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મનું પ્રત્યક્ષ નિદર્શન કરાયું હતું. આ ઉપરાંત, જીવામૃત અને ઘન જીવામૃત બનાવવાની પદ્ધતિ વિશે પણ વિગતવાર જાણકારી પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આત્મા પ્રોજેક્ટ અમરેલીના લાઠી તાલુકાના બ્લોક ટેકનોલોજી મેનેજર અને આસિસ્ટન્ટ ટેકનોલોજી મેનેજર ઉપસ્થિત રહ્યા હતા. પ્રાકૃતિક વિકાસ બોર્ડના અધિકારીઓ અને કર્મચારીઓ પણ હાજર રહ્યા હતા.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ગોદાવરીબેન કાળુભાઈ ચુડાસમા ( ઉ. વ.૮૦)નું તા.૧૯/૯/૨૫ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે ખોડાભાઈ ચુડાસમા, ચંદુભાઈ ચુડાસમા, જીવનભાઈ ચુડાસમાના માતા થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૨૧/૯/૨૫ને રવિવારના રોજ ૩થી ૬ કલાકે અમારા નિવાસસ્થાન શિવાજી નગર શેરી નંબર ૨ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

કંચનબેન મગનલાલ પંડ્યા ( ઉ.વ.૭૧ )નું તા.૧૬/૯/૨૫ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે રાજુભાઈ પંડ્યા, તુષારભાઈ પંડ્યાના માતા થાય છે. તેમનું સદગતનું બેસણું તા. ૨૦/૯/૨૫ને શનિવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે સોઢા ઉપવન જલારામ મંદિર પાછળ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

અરવિંદભાઈ રવજીભાઈ ડોબરીયા (ઉ.વ.૬૪)નું તા.૧૭/૯/૨૫ને બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે વિનુભાઈ ડોબરીયાના ભાઈ થાય તથા પિયુષભાઈ ડોબરીયાના પિતા થાય છે. તેમનું સદગતનું બેસણું તા. ૨૦/૯/૨૫ શનિવારના રોજ સવારે ૮થી ૬ કલાકે નંદીગ્રામ સોસાયટી રાધાકૃષ્ણ મંદિર સામે જેસર રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

પ્રફુલભાઈ લક્ષ્મીશંકરભાઈ પંડ્યા (ઉ.વ.૬૪)નું તા.૧૮/૯/૨૫ને ગુરુવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે કિશોરભાઈ પંડ્યા, હરેશભાઈ પંડ્યાના ભાઈ થાય છે. તેમનું સદગતનું બેસણું તા. ૨૦/૯/૨૫ને શનિવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે સોઢા ઉપવન જલારામ મંદિર પાછળ સાવરકુંડલા ખાતે રાખેલ છે.







## લીલીયા મોટા ભાભા માર્કેટ યાર્ડ

### :: જાહેર સુચના ::

સીસીઆઈમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે ટેકાના નક્કી થયા મુજબ રૂ.૧૬૧૨/- ના ભાવેથી કપાસ વેંચવા માંગતા લીલીયા તાલુકાના ખેડૂતોએ **''કપાસ કિસાન''** મોબાઈલ એપ્લિકેશનમાં તા.૦૧/૦૯/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીમાં પોતાની નોંધણી કરાવી લેવી ફરીજીયાત છે. ગાફલતમાં ન રહેવા કરતા આજે જ આપની નોંધણી કરાવી લેવી જો નોંધણી કરાવેલી હશે તો વેચી શકાશે.




## -//એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં. 112/2025

**પ્રતિ**
શ્રી દુલાભાઈ બાઘાભાઈ વાળા,
રહે. સણોસરી, ગામ-સણોસરી, તાલુકો- ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, પી.જી. સોસા ગીરગઢડા ........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, નગડીયા, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ ....સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના **સણોસરી** ગામના રહીશ દુલાભાઈ બાઘાભાઈ વાળા તથા પ્રભાબેન દુલાભાઈ વાળાના પુત્રી અંજુબેન દુલાભાઈ વાળાનો જન્મ તારીખ **15/03/1984** ના રોજ ગીરગઢડા તાલુકાના **નગડીયા** ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, નગડીયા, તાલુકો-ગીરગઢડા સને.1984 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. /૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

**સહી,**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ગીરગઢડા**

# અમરેલી જિલ્લામાં વરસાદી માહોલ, લાઠીમાં ત્રણ ઈંચ વરસાદ

અમરેલી,તા.૧૯



હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાત સહિત સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના સુરતના લીંબાયતમાં ભારે વરસાદ પડ્યા બાદ અમરેલી જિલ્લામાં સમી સાંજે જોરદાર વરસાદી ઝાપટા પડ્યા હતા. ચોમાસાની વિદાય વચ્ચે અમરેલી જિલ્લામાં વરસાદી માહોલ છવાયો છે. દિવસભર ઉકળાટ બાદ સાંજના સમયે જોરદાર વરસાદ ખાબક્યો હતો. લાઠી શહેર અને આસપાસના વિસ્તારમાં મોડી રાત સુધીમાં ત્રણ ઈંચ જેવો વરસાદ ખાબકતા નદીનાળા છલકાઈ ગયા હતા. અમરેલી શહેરમાં પણ એકાદ ઈંચ જેવો વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. અમરેલી જિલ્લામાં છેલ્લાં ઘણા સમયથી કાળઝાળ ગરમી પડી રહી હતી. જેથી લોકો બફારાનો સામનો કરી રહ્યાં હતા. પરંતુ અચાનક શુક્રવારના રોજ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને સાંજના સમયે જોરદાર વરસાદ પડયો હતો. વરસાદી ઝાપટાને કારણે મુરજાતી મોલાતને જીવતદાન મળ્યું હતું. અમરેલી જિલ્લામાં વડીયા તાલુકામાં સૌથી વધુ વરસાદ પડ્યો છે.

# રાજુલા શહેરમાં પ્રોપર્ટી કાર્ડ કઢાવવા મુદ્દે કુટુંબીજનો બાખડ્યા

**બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૧૯

રાજુલામાં પ્રોપર્ટી કાર્ડ કઢાવવા મુદ્દે કુટુંબીજનો બાખડ્યા હતા. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. પ્રકાશભાઈ દેવજીભાઈ ખડોદરા (ઉ.વ.૩૦) એ ખોડાભાઈ દેસાભાઈ ખડોદરા, સંજયભાઈ ખોડાભાઈ ખડોદરા, રાકેશભાઈ ખોડાભાઈ ખડોદરા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના દાદાના નામના મકાનનું પ્રોપર્ટી કાર્ડ કઢાવવાનું પ્રમાણપત્ર આરોપીના ઘરે લેવા જતા સારૂ નહોતું લાગ્યું. જેમ ફાવે તેમ ગાળો આપીને ગાલ ઉપર એક ઝાપટ મારી હતી. તેમજ શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. આ સમયે તેમના પત્ની બચાવવા વચ્ચે પડતા તેમને પણ ધક્કો મારી પછાડી દઈ મુંઢ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ સંજયભાઈ ખોડાભાઈ ખડોદરા (ઉ.વ.૨૭) એ પ્રકાશભાઈ દેવજીભાઈ ખડોદરા (ઉ.વ.૩૦) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે આરોપીઓ પાસે વડીલોપાર્જિત મકાનના પ્રોપર્ટી કાર્ડ કઢાવવા માટેનો ખર્ચો માંગતા હાલ મારી પાસે સગવડતા નથી તેમ કહી ઉશ્કેરાઈને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.એસ. બાબરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારગણી ગામના યુવકને જાનથી મારવાની ધમકી

ચલાલા, તા.૧૯

ધારગણી ગામના યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. તેમજ ઢીકાપાટુનો મુંઢમાર પણ માર્યો હતો. બનાવ અંગે હસમુખભાઈ માલાભાઈ બગડા (ઉ.વ.૨૯) એ કલ્પેશભાઈ ગોવાભાઈ ગંગલ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તેમના ગામમાં આવેલા સ્મશાનના બિનઉપયોગી લાકડા કાપતા હતા. જે વાતનું આરોપીને લાગી આવતાં તેમની સાથે માથાકૂટ કરવા લાગ્યા હતા. તેમજ માથાના ભાગે લોખંડના પાઈપ વડે માર માર્યો હતો અને ઢીકાપાટુ માર્યા હતા.

તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ જયસુખભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં લિંગ ગુણોત્તર સુધારવા કડક પગલાં લેવાશે: PC-PNDT સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા.૧૯



અમરેલી જિલ્લામાં ઘટતા લિંગ ગુણોત્તર (સેક્સ રેશિયો)ને સુધારવા માટે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાયેલી જિલ્લા ડિસ્ટ્રિક્ટ એડવાઈઝરી કમિટી (PC-PNDT)ની બેઠકમાં આ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લાના ચીફ ડિસ્ટ્રિક્ટ હેલ્થ ઓફિસર (CDHO) ડૉ. આર.એમ. જોષી, ડૉ. જી.જે. ગજેરા અને અન્ય સભ્યોની હાજરીમાં આ બેઠક મળી હતી. બેઠકમાં નવા અને રિન્યુઅલ રજિસ્ટ્રેશનને મંજૂરી આપવામાં આવી હતી. બેઠકમાં તાલુકાવાર લિંગ ગુણોત્તરની સમીક્ષા કરવામાં આવી હતી. જે તાલુકાઓમાં લિંગ ગુણોત્તર ઓછો છે, ત્યાં સ્ટિંગ અને ડિકોય ઑપરેશન હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત, તાલુકા કક્ષાએ લોકલ ઓથોરિટી અને અધિકારીઓ સાથે નિયમિત બેઠકો યોજીને કડક કાર્યવાહી કરવા પણ જણાવાયું હતું. તમામ ક્લિનિકનું 100% વેરિફિકેશન થાય તે માટે તાલુકા હેલ્થ ઓફિસરોને વિશેષ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.

# અમરેલી તાલુકાના સણોસરા ગામે ફિનાઈલ ગટગટાવ્યું

**ગામ બહાર કાઢી મૂકવાની વાત સાંભળીને લાગી આવતા પગલું ભર્યું**

અમરેલી, તા.૧૯

અમરેલીના સણોસરા ગામે એક પુરુષે ફિનાઈલ ગટગટાવ્યું હતું. હિરેનભાઈ પ્રવીણભાઈ દાફડા (ઉ.વ.૨૪)એ જાહેર કર્યા મુજબ, ભોગ બનનારે તા.૧૦/૦૯/૨૦૨૫ ના રોજ તેના ગામના ભવનભાઈ મૂળજીભાઈ દાફડા વિરુદ્ધ ફરિયાદ કરી હતી. ભવાનભાઈ મૂળજીભાઈ દાફડા વગદાર માણસ છે અને તેના ગામના પંચના મુખી છે. આખું ગામ તેની સાથે હોય અને ભોગબનનારને વાતોવાતથી જાણવા મળેલ હોય કે મને ગામ બહાર કાઢી મૂકવાના છે જેથી તેઓને લાગી આવતા ભોગ બનનારે પોતે પોતાની મેળે ફિનાઈલ પી લીધું હતું.

# લાઠીમાં પથ્થરનો ઘા કરવા મુદ્દે કુટુંબીજનો બાખડ્યા

**ધારીયું મારી જીવલેણ ઈજા પહોંચાડી**

લાઠી, તા.૧૯

લાઠીમાં પથ્થરનો ઘા કરવા મુદ્દે કુટુંબીજનો બાખડ્યા હતા. જેમાં ધારીયાનો ઘા મારીને જીવલેણ ઈજા પહોંચાડવામાં આવી હતી. બનાવ અંગે હિરલબેન લાલજીભાઈ ચારોલીયા (ઉ.વ.૨૫)એ દેવકુભાઈ બાવકુભાઈ ચારોલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના ઘરની બાજુમાં રહેતા દેહુરભાઈ ભરવાડના મકાન ઉપર આરોપી દેવકુ બાવકુભાઈ ચારોલીયાએ પથ્થરનો ઘા કર્યો હતો. જેથી દેહુરભાઈ જોરથી બોલવા લાગ્યા કે, 'અમારા ઘર ઉપર કોણ પથ્થરના ઘા કરે છે?' તો ઈજા પામનાર પ્રવિણભાઈએ કહ્યું કે, 'અમે પથ્થરના ઘા કર્યા નથી. આ ઘા અમારી બાજુમાં રહેતા મારા કાકાના દીકરા દેવકુ બાવકુભાઈ ચારોલીયાએ કર્યો છે.' આ વાત આરોપીએ સાંભળી લીધી હતી. તેનું મનદુઃખ રાખી તેમના ઘરની બહાર આવેલા બાલમંદિર પાસે બોલાવી ગાળો આપી ઉશકેરાઈ જઈ લોખંડના ધારીયા વડે મારી નાખવાના ઈરાદે ગંભીર જીવલેણ ઈજા પહોંચાડી હતી. લાઠી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એમ. ડી. સાળુંકે વધુ તપાસ કરી રહ્યા છે.

# કુંકાવાવના લુણીધાર ગામની શાળાની વિદ્યાર્થિની બહેનોનો રાજ્યમાં ડંકો

અમરેલી,તા.૧૯



અંડર-૧૪ નેટબોલ સ્પર્ધામાં બીજો અને અંડર-૧૭ સ્પર્ધામાં ત્રીજો નંબર મેળવીને લુણીધાર ગામની શ્રી એલ.જી. એજ્યુકેશન કેમ્પસની બહેનોએ રાજ્ય કક્ષાએ શાળાનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ બદલ શાળાના ટ્રસ્ટી મહેશભાઈ પાઠક, કેમ્પસ ડિરેક્ટર મેહુલભાઈ પાઠક, આચાર્ય તુષારભાઈ પાઠક અને સ્પોર્ટ્સ ટ્રેનર મનીષભાઈએ ટીમને અભિનંદન પાઠવ્યા છે. વિદ્યાર્થિની બહેનો હવે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

# લીલીયા મોટા ખાતે મિલેટ્સ અને THR વાનગી સ્પર્ધા યોજાઈ

લીલીયા મોટા, તા. ૧૯



લીલીયા મોટા તાલુકા પંચાયત કચેરી ખાતે આવેલ ICDS શાખા દ્વારા પોષણ ઉત્સવ ૨૦૨૫ અંતર્ગત મિલેટ્સ (જાડા અનાજ) અને THR (Take-Home Ration) માંથી વાનગી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. CDPO મીનાક્ષીબેન રાઠોડના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધામાં બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય, કાનજીભાઈ નાકરાણી, ખેતીવાડી અધિકારી માળવીય, આરોગ્ય શાખાના THV, લીલીયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રોફેસર અને ICDSના તમામ સ્ટાફ હાજર રહ્યા હતા. સ્પર્ધામાં મિલેટ્સ અને THR માંથી બનેલી વિવિધ વાનગીઓનું મૂલ્યાંકન કરીને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક આપવામાં આવ્યા હતા. વિજેતા બહેનોને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ચૌદસ
તા. ૨૦-૦૯-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૬:૦૮,
સૂર્યાસ્ત-૦૬:૨૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: માઘ

## દૈનિક રાશિફળ

**તા.૨૦-૦૯-૨૦૨૫ — શનિવાર**

મેષ: લવ લાઈફમાં નવી શરૂઆત થશે અને સંબંધો પણ મજબૂત બનશે. કાર્યક્ષેત્રમાં ધૈર્ય અને પ્રતિભા સાથે તમે દુશ્મન પર વિજય મેળવવામાં સફળ થશો.

વૃષભ: નવા કાર્યો શીખવામાં સફળતા મળશે. મહિલાઓ માટે આજનો દિવસ ખૂબ જ ઉત્તમ છે. કાર્યસ્થળ પર તમે તમારી વાત સાચી સાબિત કરી શકશો.

મિથુન: વ્યવસાયમાં થોડા પરિવર્તન જેવી સ્થિતિ બની રહી છે. ધાર્મિક પ્રવૃત્તિના લોકો સાથે મુલાકાત તમારા દૃષ્ટિકોણમાં આશ્ચર્યજનક અને પોઝિટિવ પરિવર્તન લાવશે.

કર્ક: જીવનસાથીના કરિયરમાં પ્રગતિના કારણે પ્રસન્ન રહેશો. આજે વ્યવસાયિક ગતિવિધિઓ ઘરે રહીને જ યોગ્ય રીતે શરૂ થઇ જશે.

સિંહ: આજે સપના સાકાર કરવાનો દિવસ છે, મહેનતથી કામ લેવું. તમને પૂર્વજો પાસેથી પૈસા મળે તેવી સંભાવના છે. આર્થિક સ્થિતિમાં સુધારો થશે.

કન્યા: જીવનસાથીનો સહયોગ તમારા મનોબળને જાળવી રાખશે. ભાગદોડ કરવાની જગ્યાએ શાંતિથી કામ પૂર્ણ કરવાની કોશિશ કરો.

તુલા: મિત્રોની સહાયથી અટકેલા કાર્યો પૂરા થશે અને નવા સારા મિત્રો પણ મળી શકશે. વ્યવસાયમાં હાલ વધારે સુધારાની જરૂરિયાત નથી.

વૃશ્ચિક: ધનલાભના યોગ છે. અન્યની સલાહ લેવાની જગ્યાએ પોતાના મનનો અવાજ સાંભળો અને તેના ઉપર અમલ કરો. વિદ્યાર્થીઓને ગુરુના ટેકાથી ફાયદો થશે.

ધન: રોજિંદા ભાગદોડથી થોડી રાહત મળશે. આજે મોટાભાગનો સમય આધ્યાત્મિક ગતિવિધિઓમાં પસાર થશે. સરકારી કામ પૂરું થશે.

મકર: પાર્ટનરશિપને લગતાં વ્યવસાયમાં વિશેષ સાવધાની જાળવવાની જરૂરિયાત છે. વાતચીત કરીને તમે તમારું કામ કઢાવી શકશો.

કુંભ: પારિવારિક વાતાવરણ પોઝિટિવ જળવાયેલું રહેશે. આ સમયે વર્તમાન ગ્રહ સ્થિતિ તમને અદભૂત શક્તિ પ્રદાન કરી રહી છે.

મીન: ઘરમાં રિનોવેશનને લગતા પરિવર્તન આવશે. વિદ્યાર્થીઓએ ખોટી ગતિવિધિઓમાં ધ્યાન ન આપીને પોતાના અભ્યાસ ઉપર ધ્યાન આપવું.

# દામનગર પાલિકા ખાતે સ્વચ્છતા હી સેવાના શપથ લેવામાં આવ્યા

અમરેલી,તા.૧૯



દામનગર નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા હી સેવા અભિયાન- ૨૦૨૫ અંતર્ગત સ્વચ્છોત્સવનો પ્રારંભ થયો છે. આ સ્વચ્છતા અભિયાનનો દામનગર નગરપાલિકા ખાતેથી પ્રમુખ ગોબરભાઈ નાનજીભાઈ નારોલાએ શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ઉપપ્રમુખ ભાવનાબેન અતુલભાઈ દલોલિયા, ચીફ ઓફિસર સંદીપભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત એમ.સી. મહેતા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાનને આનુસંગિક સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરવામાં આવ્યા હતા. ઉપરાંત દામનગર નગરપાલિકાના શિક્ષણ સમિતિના ચેરમેન ધ્રુવભાઈ ભટ્ટ અને શિક્ષકોએ સ્વચ્છતા સ્વભાવ બને તે સંદર્ભમાં પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. આ સાથે લોકોને સ્વચ્છતાના શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા.

# અમરેલી જિલ્લામાંથી પાંચ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી પાંચ પ્યાસીને ઝડપી પાડ્યા હતા.

ડુંગર ગામેથી બે, અમરેલી, વંડા અને જાફરાબાદમાંથી એક-એક મળી પાંચ ઈસમો પકડાયા હતા.

# ચલાલાના કેનાલપરા ગામે વીજશોકથી પુરુષનું મૃત્યુ

ચલાલા, તા.૧૯

ધારીના કેનાલપરા ગામે વીજશોકથી પુરુષનું મૃત્યુ થયું હતું. આ અંગે ગોગનભાઈ ગોવિંદભાઈ પોલરા (ઉ.વ.૭૫)એ દેવચંદભાઈ ગોવિંદભાઈ પોલરા (ઉ.વ.૬૬)ને ઈલેક્ટ્રિક શોક લાગતાં મોત થયું હતું. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવીભાઈ ખોડાભાઈ બગડા વધુ તપાસ કરી રહ્યા છે.

# વંડાની હાઈસ્કૂલમાં એસપીસી સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજનાનો ત્રિદિવસીય કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૧૯



એસપીસી સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના અંતર્ગત સાવરકુંડલા તાલુકાના વંડા ગામની હાઈસ્કૂલમાં ત્રિદિવસીય બિનનિવાસી કેમ્પ યોજાયો હતો. સુરક્ષા સેતુ સોસાયટી-પોલીસ અધિક્ષક કચેરી અમરેલીની સૂચના અનુસાર SPC યોજના અંતર્ગત પી.પી.એસ. હાઈસ્કૂલમાં તા. ૧૫થી ૧૭ સપ્ટે. દરમિયાન આ કેમ્પ યોજાયો હતો. વંડા પોલીસ સ્ટેશનના પીએસઆઇ પી.જે. રામાણીના માર્ગદર્શનમાં ડ્રિલ ઈન્સ્ટ્રક્ટર વિરલબેન, કોમ્યુનિટી પોલીસ ઓફિસરની ઉપસ્થિતિમાં કેમ્પ શરૂ થયો હતો. જેમાં પ્રથમ દિવસે પ્રાર્થના, વ્યક્તિ વિશિષ્ટ સાથે વાર્તાલાપ, બાળફિલ્મ શો, ભોજન, સામાજિક નાટક, ઈનડોર અને આઉટડોર સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. બીજા દિવસે શાળા સફાઈ, વૃક્ષારોપણ, વાર્તાકથન તેમજ કેડેટોને ખાદી ગ્રામોદ્યોગ અને સ્ટેટ બેંક જેવી સંસ્થાઓની મુલાકાત કરાવી હતી.

# રાજુલાની શ્રેયા હાનાણીએ જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી પરિવાર અને શાળાનું ગૌરવ વધાર્યું

રાજુલા, તા.૧૯



રાજુલાના હાનાણી પરિવારની દીકરી અને શ્રીમતી ટી.જે. બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિની શ્રેયા રોહિતભાઈ હાનાણીએ ફરી એકવાર શાળા અને પરિવારનું ગૌરવ વધાર્યું છે. મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યા બાદ, તેણ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પણ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શ્રેયાએ તાલુકા કક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ આવીને રૂ. ૧૦,૦૦૦નું ઈનામ જીત્યું હતું. તેની આ સિદ્ધિ બદલ શાળાના આચાર્યા શ્રીમતી સીમાબેન પંડ્યા/જોષી, માર્ગદર્શક શિક્ષક એન.જી. બળદાણિયા અને સમગ્ર શાળા પરિવારે તેને અભિનંદન પાઠવ્યા હતા.

# ખડાધાર ચેકપોસ્ટ પરથી ૯ નંગ ચપટા ઝડપાયા

ખાંભા, તા.૧૯

ખાંભાની ખડાધાર ચેકપોસ્ટ પરથી પોલીસે ૯ નંગ ચપટા ઝડપ્યા હતા. જગદીશભાઈ દાનાભાઈ ડાભી તથા વિક્રમભાઈ મેપાભાઈ ગોહીલ તેમનું ટુવ્હીલ લઈને પસાર થતાં હતા ત્યારે અટકાવી તલાશી લેતાં ૯ નંગ ચપટા મળી આવ્યા હતા. પોલીસે કુલ ૧૫૪૦૫ રૂપિયાનો મુદામાલ જપ્ત કર્યો હતો. જિલ્લામાં સાત લોકો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

તંત્રી લેખ

# ચૂંટણી પંચ પર રાહુલ ગાંધીના ગંભીર આરોપ

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ તાજેતરમાં ભારતના ચૂંટણી પંચ પર ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને લોકશાહીનો નાશ કરનારા અને વોટ ચોરનારાઓને બચાવવાનો સીધો આરોપ લગાવ્યો છે. તેમના આ આરોપ પાછળ કર્ણાટકના આલંદ વિધાનસભા મતવિસ્તારમાં મતદારયાદીમાંથી કોંગ્રેસના સમર્થકોના નામ કાઢી નાખવાનો મામલો છે. રાહુલ ગાંધીનો દાવો છે કે આ એક પદ્ધતિસરનું કાવતરું છે. તેમણે ચૂંટણી પંચને ચેતવણી આપી છે કે જો તેઓ એક સપ્તાહની અંદર કર્ણાટક સીઆઈડીને જરૂરી માહિતી પૂરી નહીં પાડે, તો એ સ્પષ્ટ થઈ જશે કે પંચ પોતે જ બંધારણની હત્યામાં સામેલ છે. રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે ટૂંક સમયમાં તેઓ એક મોટો ખુલાસો કરશે, જેને તેમણે 'હાઈડ્રોજન બોમ્બ'નું નામ આપ્યું છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે કર્ણાટક સીઆઈડીએ છેલ્લા અઢાર મહિનામાં ચૂંટણી પંચને અઢાર પત્રો લખીને વોટ ડિલીશન માટેની અરજીઓ કયા આઈપી એડ્રેસ પરથી આવી હતી અને કયા ઓટીપી નંબર પર મોકલવામાં આવી હતી તેની માહિતી માંગી છે. પરંતુ પંચ તરફથી કોઈ જવાબ મળ્યો નથી. રાહુલ ગાંધીનો આક્ષેપ છે કે જ્ઞાનેશ કુમાર આ સમગ્ર ઓપરેશનનું રક્ષણ કરી રહ્યા છે અને જો આ માહિતી આપવામાં આવે તો આ કાવતરાના મૂળ સુધી પહોંચી શકાય છે. તેમણે દાવો કર્યો કે તેમને ચૂંટણી પંચની અંદરથી પણ માહિતી મળી રહી છે અને આ લડાઈ અટકશે નહીં. તેમણે એમ પણ કહ્યું કે જ્યારે દેશના યુવાનોને ખ્યાલ આવશે કે તેમના વોટ ચોરી થઈ રહ્યા છે, ત્યારે તેઓ પણ આ લડાઈમાં જોડાશે. રાહુલ ગાંધીએ દાવો કર્યો કે ટૂંક સમયમાં તેઓ આ સમગ્ર કાવતરાના માસ્ટરમાઈન્ડનો પણ ખુલાસો કરશે, જેનાથી બધું સ્પષ્ટ થઈ જશે. બીજી બાજુ, કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારીએ રાહુલ ગાંધીના આ આરોપોનો જવાબ આપતા કેટલીક સ્પષ્ટતાઓ કરી છે. તેમણે જણાવ્યું કે ૨૦૨૩ની ચૂંટણી પહેલા આલંદ મતવિસ્તારમાં મતદારોના નામ કાઢી નાખવા માટે ૬,૦૧૮ ઓનલાઈન અરજીઓ મળી હતી. આ અરજીઓની તપાસ બે વર્ષ પહેલા જ કરવામાં આવી હતી અને તેમાંથી ફક્ત ૨૪ ફરિયાદો સાચી હોવાનું જણાયું હતું. આ કેસ વિશે વિગતવાર માહિતી કર્ણાટક પોલીસને પણ સુપરત કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી અધિકારીએ એ પણ જણાવ્યું કે ૨૦૧૮ની ચૂંટણીમાં આ બેઠક ભાજપના સુભાષ ગુદેદારે જીતી હતી, જ્યારે ૨૦૨૩માં કોંગ્રેસના બીઆર પાટીલ જીત્યા હતા. આંકડાકીય રીતે આ બાબત કોંગ્રેસની જીતને કારણે રાહુલ ગાંધીના 'વોટચોરી'ના આરોપો સામે એક મજબૂત જવાબ પૂરો પાડે છે. અગાઉ, ચૂંટણી પંચે પણ સ્પષ્ટ કર્યું હતું કે રાહુલ ગાંધીનો આ દાવો કે કોઈપણ વ્યક્તિ ઓનલાઈન મત કાઢી શકે છે તે સંપૂર્ણપણે ખોટો અને પાયાવિહોણો છે. પંચે જણાવ્યું કે મતદારયાદીમાંથી નામ કાઢવાની પ્રક્રિયા ખૂબ જ પારદર્શક અને કડક હોય છે. આ પ્રક્રિયામાં સંબંધિત વ્યક્તિને પહેલા સુનાવણીની તક આપવી ફરજિયાત છે. આ નિયમ મતદારોના અધિકારોનું રક્ષણ કરવા માટે બનાવવામાં આવ્યો છે. આમ, ચૂંટણી પંચે રાહુલ ગાંધીના આરોપોને ખોટા સાબિત કરવાનો પ્રયાસ કર્યો છે અને તેમની કાર્યપ્રણાલીની પારદર્શિતા પર ભાર મૂક્યો છે.

# સાઉદી અરેબિયા હવે પાક છાવણીમાં

પાકિસ્તાન અને સાઉદી અરેબિયા વચ્ચે સૈનિક કરાર થઈ જતા ભારત માટે નવો પડકાકાર ઉભો થયો છે પરંતુ આનાથી ભારતને કોઈ મુશ્કેલી ઉભી થવાની નથી કારણ કે બંને દેશો કરતા ભારતની સૈનિક શક્તિ સૌથી વધુ છે. પશ્ચિમ એશિયા અને દક્ષિણ એશિયાની રાજકીય અને સૈન્ય ભૂગોળમાં એક નોંધપાત્ર વિકાસ ઘટિત થયો છે. પાકિસ્તાન અને સાઉદી અરેબિયાએ એક સંયુક્ત સૈન્ય કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે મુજબ કોઈ પણ દેશ પર થતા હુમલાને બંને દેશો પર થયેલો હુમલો ગણવામાં આવશે અને તેનો પ્રતિકાર સંયુક્ત રીતે કરવામાં આવશે. આ કરારે આંતરરાષ્ટ્રીય સમીકરણોમાં નવી ચર્ચા છેડી દીધી છે, ખાસ કરીને ભારતના પરિપ્રેક્ષ્યમાં. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ પ્રસંગે કહ્યું કે, "અમે આ વાતની પહેલાથી જાણકારી ધરાવતા હતા. અમે પ્રાદેશિક અને વૈશ્વિક સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ સૈન્ય કરારનું મૂલ્યાંકન કરી રહ્યા છીએ." તેમણે આગળ ભાર મૂક્યો કે ભારત પોતાનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. આ કરારની સૌથી મહત્વપૂર્ણ વિગત એ છે કે સાઉદી અરેબિયા, જે પશ્ચિમ એશિયાનું એક પ્રભાવશાળી અને ધનાઢ્ય રાષ્ટ્ર છે, તે પોતાની સુરક્ષાનો એક ભાગ પાકિસ્તાનને સોંપી રહ્યું છે. પાકિસ્તાની સૈન્યની તાકાત અને તેના પરમાણુ સંશાધનોને ધ્યાનમાં લેતા, આ નિર્ણયની વ્યૂહાત્મક ગણતરી સમજી શકાય છે. પરંતુ, ભારતના પૂર્વ વિદેશ સચિવ અને રશિયા, તુર્કી તથા અમેરિકામાં રહેલા પૂર્વ રાજદૂત કંવલ સિબ્બલ જણાવે છે કે "સાઉદી અરેબિયા પાકિસ્તાનને પોતાની સુરક્ષા આઉટસોર્સ કરીને આગ સાથે રમી રહ્યું છે." તેમનો આ ટીકાત્મક નિર્દેશ એ વાસ્તવિકતાને ઉજાગર કરે છે કે આ કરાર પાકિસ્તાનમાં સક્રિય આતંકવાદી સંસ્થાઓને ભારત વિરુદ્ધ ફરી સક્રિય થવાનો એક અવસર પ્રદાન કરી શકે છે. પાકિસ્તાની સૈન્ય અને ખુફિયા એજન્સી આતંકવાદને એક વ્યૂહાત્મક સાધન તરીકે વાપરવા માટે કુખ્યાત રહી છે. સાઉદીનું આંશિક સંરક્ષણ કમજોર પાકિસ્તાની અર્થવ્યવસ્થા માટે નાણાકીય સહાય સમાન છે, જેના બદલામાં પાકિસ્તાન સાઉદીને સૈન્ય સુરક્ષા પૂરી પાડશે. આ પરસ્પરતા ભારત માટે ગંભીર ચિંતાનો વિષય છે. આ સંદર્ભમાં, ભારત અને સાઉદી અરેબિયાના સંબંધોની પણ ચર્ચા જરૂરી છે. ઐતિહાસિક રીતે, સાઉદી અરેબિયા પાકિસ્તાનનો નજીકનો મિત્ર રહ્યો છે. પરંતુ હાલના વર્ષોમાં, ભારતે સાઉદી સાથેના તેના આર્થિક, ઊર્જા અને વ્યૂહાત્મક સંબંધોમાં નોંધપાત્ર સુધારો કર્યો છે.



ભારત એ સાઉદી અરેબિયા માટે એક મહત્વપૂર્ણ વેપારી ભાગીદાર બન્યો છે અને બંને દેશો આતંકવાદના મુદ્દે સહમતી ધરાવે છે. આ નવા સૈન્ય કરારથી આ ઉભરતા

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

સંબંધો પર કેવી અસર થશે, તે એક મહત્વપૂર્ણ પ્રશ્ન છે. ભારતની શાંતિ અને સ્થિરતાના હિતોને આ કરારથી ધક્કો ન પહોંચે, તે સુનિશ્ચિત કરવું ભારતીય કૂટનીતિક પ્રયત્નોનું કેન્દ્રબિંદુ હોવું જોઈએ. આ કરારના પડકારોના વિશ્લેષણમાં ભારતની સૈન્ય શક્તિને નજરઅંદાજ કરી શકાય નહીં. સંખ્યાબંધ પાયે, ભારત પાસે પાકિસ્તાન (૯.૫ લાખ) અને સાઉદી અરેબિયા (૩.૫ લાખ)ની સંયુક્ત સૈન્ય તાકાત (૧૩ લાખ) કરતાં પણ વધુ, ૧૪.૫ લાખની સક્રિય સૈન્ય તાકાત છે. વળી, ભારત પાસે લાખોની સંખ્યામાં અનામત સૈનિકો પણ છે. આંકડાઓ સ્પષ્ટ કરે છે કે ભારતની પરંપરાગત સૈન્ય ક્ષમતા આ બંને દેશોની સંયુક્ત ક્ષમતા કરતાં ચડિયાતી છે. તદુપરાંત, ભારત વિશ્વનો સૌથી વધુ શસ્ત્રોની આયાત કરનારો દેશ છે, જે વૈશ્વિક શસ્ત્ર વેચાણનો ૯.૮% હિસ્સો ધરાવે છે, જ્યારે સાઉદી અરેબિયા ૮.૪% અને પાકિસ્તાન માત્ર ૨.૬% હિસ્સો જ ધરાવે છે. આ ભારતની સૈન્ય આધુનિકીકરણની ક્ષમતાને દર્શાવે છે. વૈશ્વિક પ્રતિક્રિયાના સંદર્ભમાં, અમેરિકા જેવા મહત્વપૂર્ણ ભાગીદારનો દેખાવ આવા કોઈ પણ સૌન્ય કરાર માટે નિર્ણાયક હશે. સાઉદી અરેબિયા અમેરિકાનો એક મુખ્ય વ્યૂહાત્મક અને વેપારી ભાગીદાર છે. પશ્ચિમ એશિયામાં સત્તા સંતુલન બદલાય તે અમેરિકા માટે સ્વીકાર્ય નથી. આથી, અમેરિકા આવા કરારને સ્પષ્ટ રીતે સમર્થન આપતું નથી. વળી, 'ઈસ્લામિક નાટો' જેવી કોઈ કલ્પનાને વાસ્તવિકતામાં ફેરવવી અઘરી છે, કારણ કે તેમાં નાટો જેવા પ્રભાવશાળી દેશોનો અભાવ રહેશે. આ કરાર ઈઝરાયલ-હમાસ સંઘર્ષના પરિપ્રેક્ષ્યમાં આવ્યો છે, પરંતુ સાઉદીની મુખ્ય શરત ઈઝરાયલ સાથે સંબંધો સામાન્ય કરવા માટે પેલેસ્ટાઈન મુદ્દાનો ઉકેલ જ જણાવે છે કે આ કરારનું ધ્યેય વિશાળ અને દીર્ઘકાલીન છે. પાકિસ્તાન અને સાઉદી અરેબિયા વચ્ચેનો સૌન્ય કરાર ભારત માટે એક નવું પડકારભર્યું સમીકરણ ઊભું કરે છે.

ભારતને તેની સુરક્ષા નીતિઓમાં સાવધાની અને સચેતતા બનાવી રાખવી પડશે. પરંતુ, ભારતની સૈન્ય અને આર્થિક શક્તિ, તેમજ વિશ્વસનીય વૈશ્વિક ભાગીદારીઓ તેને આ પડકારોનો સામનો કરવા માટે સજ્જ બનાવે છે. ભારતનું મુખ્ય ધ્યેય પોતાની સાર્વભૌમિકતા અને સુરક્ષા હિતોનું રક્ષણ કરવાનું રહેશે, જ્યારે પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા માટે કૂટનૈતિક માર્ગોને સક્રિય રાખવાનો પણ રહેશે.

## શબ્દ સંજોગ-૨૦૭૨



**આડી ચાવી :**
(૧) વર્ગીકરણ (૪)
(૪) નાના છોકરાનું પહેરણ (૩)
(૬) જૈન યતિ (૨)
(૭) ઝારવાનું, મહેનતાણું (૪)
(૮) ધૃત, તૂપ (૧)
(૯) કચરો નીચે ઠરી જઈ સ્વચ્છ થવું (૪)
(૧૧) ભાંગ ખાંડવાનો લાકડાનો દસ્તો (૩)
(૧૨) સારું, ઉત્તમ (૩)
(૧૫) વંશપરંપરા, સંતતિ (૪)
(૧૮) અંદર ઉતરવાના પગથિયાવાળો કૂવો (૨)
(૧૯) પરમજ્ઞાની (૪)
(૨૧) ઘર તથા જમીનનો વેરો (૪)
(૨૨) પ્યાલો (૨)
(૨૩) અંદાજ, માપ (૩)
(૨૫) એક તેજાનો (૨)
(૨૭) શક્તિ, કૌવત (૨)
(૨૮) પ્રવાહીથી ભરેલું, તરબોળ (૫)
(૨૯) રસ્તો (અં) (૧)

**ઉભી ચાવી :**
(૧) બારનીશીનું કામ કરનારો કારકૂન (૪)
(૨) લોઢનો પોશાક, કવચ (૪)
(૩) ખુશ થવું, સંતુષ્ટ થવું (૩)
(૪) ભભક, તેજ (૩)
(૫) ભણેલું તે, શિક્ષણ (૪)
(૧૦) એક ઔષધ (૪)
(૧૩) અત્યારે, હમણા (૨)
(૧૪) પારસીઓનું બેસતું વર્ષ (૪)
(૧૬) વહાણમાં ચડાવેલ માલની રસીદ (૩)
(૧૭) આંખ (૩)
(૧૮) વાવવું તે, વાવેલું તે (૪)
(૧૯) દરખાસ્ત કરવી, રૂબરૂ કરવું તે (૪)
(૨૦) ઉણપ, ખામી (અ) (૨)
(૨૪) જાત્રા (૩)
(૨૫૬) ઉંઘ (૨)
(૨૬) એક અટક (૨)

## શબ્દ સંજોગ-૨૦૭૧ જવાબ

**આડી ચાવી:** (૧) આદ્ય (૩) ખોલ (૬) વેતન (૮) ટકોર (૧૦) ધમણ (૧૨) નાર (૧૩) સ્વાદ (૧૪) શેલત (૧૬) ણરાય (રાયણ) (૧૭) પાર (૧૮) નાતો (૧૯) વડીલ (૨૧) લખો (૨૩) પાડો (૨૪) વત્સ (૨૬) લખોટી (૨૭) ઘાંચી (૨૮) બચકું (૨૯) લતા (૩૦) કટુ.
**ઉભી ચાવી:** (૧) આરાધના (૨) પ્રાંત (૪) લટ (૫) દ્વાર (૬) વેણ (૭) નણંદ (૯) કોયલ (૧૧) મરણતોલ (૧૩) સ્વાયત્ત (૧૪) શેરડી (૧૫) તટ (૧૭) પાવડો (૨૦) લવચીક (૨૨) ખોલકું (૨૩) પાટીલ (૨૫) એબ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૫૧ | ૧૬૦૯ |
| ઘઉં લોકવન | ૫૨૪ | ૫૪૩ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૫૬ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૮૩૭ |
| જુવાર લાલ | ૭૦૦ | ૮૦૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૬૦ |
| બાજરી | ૩૫૦ | ૪૨૧ |
| તુવેર | ૯૬૦ | ૧૨૮૯ |
| ચણા પીળા | ૯૫૧ | ૧૧૧૪ |
| ચણા સફેદ | ૧૧૨૧ | ૨૦૩૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૭૪ |
| મગ | ૧૩૫૦ | ૧૮૨૦ |
| વાલ દેશી | ૨૫૦ | ૧૧૦૦ |
| ચોળી | ૮૨૦ | ૧૨૪૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૧૦૦ |
| રાજમા | ૮૦૦ | ૧૮૦૪ |
| સીંગદાણા | ૧૨૦૦ | ૧૪૦૫ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૧૦૦ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૩૧૦ |
| તલી | ૧૫૦૦ | ૧૯૨૮ |
| એરંડા | ૧૨૩૫ | ૧૨૯૫ |
| અજમો | ૧૦૮૦ | ૨૦૨૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૨૬ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૨૯૦ |
| કાળા તલ | ૩૩૦૦ | ૪૨૬૦ |
| લસણ | ૬૨૩ | ૮૩૫ |
| ધાણા | ૧૪૩૦ | ૧૬૨૫ |
| ધાણી | ૧૩૫૦ | ૧૫૨૬ |
| વરીયાળી | ૯૯૦ | ૧૨૭૯ |
| જીરૂ | ૩૨૬૦ | ૩૫૭૦ |
| રાય | ૧૩૫૦ | ૧૬૪૦ |
| મેથી | ૮૫૦ | ૧૧૨૪ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૧૨૧૨ |
| અશેરીયો | ૮૫૦ | ૧૧૬૫ |
| કલોંજી | ૧૮૦૦ | ૪૦૫૭ |
| રાયડો | ૮૮૦ | ૧૨૮૦ |
| રજકાનું બી | ૬૭૫૦ | ૯૪૪૦ |
| ગુવારનું બી | ૮૫૦ | ૯૨૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| પપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| બટેટા | ૧૫૦ | ૩૮૦ |
| ડુંગળી સુકી | ૪૫ | ૨૫૦ |
| ટમેટા | ૧૦૦ | ૪૦૦ |
| સુરણ | ૨૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૧૨૦૦ |
| મુળા | ૧૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |

| | | |
|---|---|---|
| ચોળાસીંગ | ૨૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૨૦૦ | ૯૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| કારેલા | ૧૦૦ | ૪૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૮૦૦ |
| પરવર | ૨૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૦૦ | ૩૦૦ |
| કંટોળા | ૪૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૫૦૦ |
| મેથી | ૨૦૦ | ૨૦૦૦ |
| વાલ | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૪૦૦ |
| આદુ | ૪૦૦ | ૧૨૦૦ |
| મરચા લીલા | ૧૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૪૦૦ |
| મગફળી લીલી | ૨૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૩૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૫૪૮ |
| ઘઉં ટુકડા | ૫૦૪ | ૫૭૪ |
| મગફળી જીણી | ૬૫૧ | ૧૨૪૧ |
| સિંગદાણા જાડા | ૧૨૯૧ | ૧૩૧૧ |
| સિંગ ફાડીયા | ૬૬૧ | ૧૨૩૧ |
| એરંડા / એરંડી | ૧૧૫૧ | ૧૩૦૧ |
| જીરૂ | ૨૬૫૧ | ૩૭૧૧ |
| ક્લંજી | ૨૫૦૧ | ૪૦૫૧ |
| ધાણા | ૯૦૧ | ૧૫૫૬ |
| લસણ સુકું | ૪૨૧ | ૮૮૧ |
| ડુંગળી લાલ | ૬૮ | ૨૩૬ |
| અડદ | ૧૦૨૬ | ૧૨૭૬ |
| તુવેર | ૧૦૯૧ | ૧૨૭૧ |
| રાય | ૧૪૭૧ | ૧૫૦૧ |
| મેથી | ૫૫૧ | ૧૧૯૧ |
| કાંગ | ૨૫૧ | ૫૦૧ |
| મગફળી જાડી | ૫૫૧ | ૧૦૪૬ |
| સફેદ ચણા | ૧૧૦૧ | ૨૦૨૧ |
| તલ - તલી | ૧૨૦૧ | ૨૧૬૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૫૭૧ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૫૦૧ | ૭૫૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૧૧ |
| મગ | ૧૧૦૧ | ૧૭૩૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૨૧ |
| વાલ | ૫૦૧ | ૭૭૧ |
| ચોળા / ચોળી | ૭૫૦ | ૧૧૯૧ |
| સોયાબીન | ૬૦૦ | ૮૨૬ |
| કળથી | ૫૯૧ | ૫૯૧ |
| ગોગળી | ૭૦૦ | ૯૮૧ |

| | | |
|---|---|---|
| વટાણા | ૧૮૬૧ | ૧૮૬૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૧૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૮૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૦૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૯૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૩૦૦૦ | ૩૬૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| કેરી કાચી | ૧૬૦૦ | ૧૮૦૦ |
| બટેટા | ૧૮૦ | ૩૦૦ |
| અંબાળા | ૩૦૦ | ૪૦૦ |
| લીલી હળદર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૪ | ૬ |
| કોથમીર પુરા | ૧ | ૮ |
| મૂળા પુરા | ૪ | ૧૦ |
| આંબલી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાચા કેળા | ૮૦ | ૨૦૦ |
| પચકારુ | ૧૦૦ | ૨૦૦ |
| ચ્રૂણ | ૧૧૮૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૧૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૨ |
| બીટ પુરા | ૬ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૯૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૦૦૦ |
| ફણશી | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૮ | ૧૦ |
| પાલક પુરા | ૪ | ૧૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૬૦૧ | ૯૨૨ |
| ગીરીનાર શિંગી | ૯૨૫ | ૯૩૦ |
| શીંગ મોટી | ૬૦૦ | ૧૧૧૭ |
| શિંગ દાણા | ૧૧૭૫ | ૧૨૫૧ |
| શિંગ દાણા ફાડા | ૧૦૭૫ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૦૪૮ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૧૯૦ |
| બાજરો | ૨૮૧ | ૩૬૧ |

| | | |
|---|---|---|
| જુવાર | ૪૦૦ | ૬૬૬ |
| ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૯૩ |
| ઘઉં લોકવન | ૫૩૬ | ૫૭૫ |
| મગ | ૭૭૦ | ૧૩૫૦ |
| અડદ | ૭૨૫ | ૧૩૫૧ |
| ચણા | ૯૦૦ | ૧૧૭૬ |
| સફેદ ચણા | ૮૬૦ | ૧૧૩૯ |
| તુવેર | ૯૨૦ | ૧૧૫૯ |
| કપાસ | ૭૦૦ | ૧૫૫૫ |
| એરંડા | ૧૨૫૫ | ૧૨૭૧ |
| જીરૂ | ૧૯૦૦ | ૩૫૭૦ |
| ધાણા | ૧૧૫૨ | ૧૩૪૪ |
| મેથી | ૭૧૦ | ૮૯૦ |
| સોયાબીન | ૭૯૦ | ૮૧૮ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૭૫૦૦ |
| કાંગ | ૪૮૮ | ૪૮૮ |
| કલોંજી | ૧૪૦૫ | ૧૪૦૫ |
| **અમરેલી શાકભાજી** | | |
| બટેટા | ૧૮૦ | ૩૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૫૫૦ |
| ટમેટાં | ૨૫૦ | ૩૫૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૫૫૦ | ૬૦૦ |
| દુધી | ૪૦૦ | ૪૫૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| મૂળા | ૨૦૦ | ૨૪૦ |
| કાકડી | ૨૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૯૦૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૮૪૦ |
| કટોલા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| શીંગઓળા | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| હળદળ લીલી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| આદુ | ૭૫૦ | ૧૧૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| બીટ | ૫૦૦ | ૬૦૦ |
| ચીભડા | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૨૪૫ |
| મરચાં લીલાં | ૧૨૦ | ૬૦૦ |
| મરચાં લાલ | ૧૦૦ | ૩૫૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૨૦૦ |
| ડુંગળી સુકી | ૮૦ | ૨૦૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૧૬૦૦ |

| | | |
|---|---|---|
| લસણ સુકું | ૬૦૦ | ૧૧૦૦ |
| પાલક | ૪૦૦ | ૭૦૦ |
| લીબુ | ૨૦૦ | ૫૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૬૫૦ | ૮૫૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૬૧ |
| તલ કાળા | ૩૩૦૦ | ૪૦૧૨ |
| કપાસ | ૧૨૮૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૬૦૨ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૫૮૫ |
| બાજરો | ૩૫૦ | ૭૮૦ |
| મકાઈ | - | ૮૦૧ |
| મગ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૫૨ |
| તુવેર | ૯૫૦ | ૧૦૬૦ |
| કાંગ | - | ૬૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૯૫ | ૧૪૫૨ |
| મગફળી | ૫૮૦ | ૭૨૦ |
| ઘઉં | ૫૪૦ | ૫૪૬ |
| ચણા | ૧૦૬૫ | ૧૦૬૫ |
| સીંગફાડા | ૧૧૧૧ | ૧૧૧૧ |
| અડદ | ૧૨૩૧ | ૧૨૩૧ |
| સોયાબીન | ૭૫૦ | ૭૭૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૮ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૫૦૯ | ૫૧૬ |
| તલ કાળા | ૩૯૦૦ | ૩૯૦૦ |
| સીંગફાડા | ૯૬૦ | ૯૬૦ |
| કલોંજી | ૧૫૩૦ | ૧૫૩૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૭૬ |
| અડદ | ૧૦૫૦ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૧૭૨૫ | ૧૭૯૫ |
| ચણા સફેદ | ૯૦૦ | ૧૦૨૦ |
| મગફળી | ૫૫૫ | ૭૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| મગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **બાબરા** | | |
| કપાસશંકરનવો | ૧૩૩૦ | ૧૪૮૦ |
| કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૩૧૦ |
| મગફળી | ૮૮૦ | ૧૦૩૦ |
| તલસફેદ | ૧૫૩૦ | ૧૮૪૦ |
| તલ કાળા | ૨૮૮૫ | ૪૨૭૫ |
| અડદ | ૯૯૦ | ૧૨૮૦ |
| મગ | ૧૨૮૦ | ૧૪૯૦ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૭૦ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૧૬૭૧ | ૧૮૫૧ |
| કપાસ | ૯૦૧ | ૧૫૩૦ |
| બાજરો | ૩૫૪ | ૫૭૮ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૫૬૩ |

| | | |
|---|---|---|
| જુવાર | ૭૫૦ | ૮૦૦ |
| મગ | ૧૩૭૫ | ૧૩૭૫ |
| ચણા | ૮૬૦ | ૧૧૭૨ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૧૨૦ | ૧૩૭૮ |
| ચણા | ૧૧૮૦ | ૧૧૮૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૬૮૪ | ૧૦૪૬ |
| બાજરો | ૩૯૦ | ૫૮૫ |
| ઘઉં | ૪૮૫ | ૫૬૬ |
| જુવાર | ૫૫૦ | ૬૯૮ |
| અડદ | ૭૫૦ | ૧૫૬૬ |
| મગ | ૧૨૦૦ | ૧૭૦૫ |
| ચણા | ૯૮૦ | ૧૦૮૦ |
| તલ | ૧૩૫૦ | ૧૮૪૬ |
| કાળા તલ | ૨૫૦૦ | ૪૨૪૨ |
| સોયાબીન | ૮૦૦ | ૮૪૮ |
| કાંગ | ૪૦૫ | ૭૫૦૦ |
| રજકો | ૪૧૦૦ | ૭૫૦૦ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૫૫ | ૫૦૦ |
| ઘઉં | ૪૮૭ | ૫૩૭ |
| મગ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| અડદ | ૪૬૦ | ૧૩૨૦ |
| ચોળી | ૮૨૫ | ૯૨૦ |
| વાલ | ૭૩૦ | ૧૦૮૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૮ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મગફળી જીણી | ૫૫૦ | ૧૦૨૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૫૯ |
| તલ | ૧૫૦૦ | ૧૮૮૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૭૬૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૭૦ |
| રાય | ૧૨૦૦ | ૧૪૫૦ |
| લસણ | ૪૨૫ | ૮૦૦ |
| કપાસ | ૮૦૦ | ૧૪૯૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૬૮૫ |
| અજમો | ૯૦૦ | ૨૫૬૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૪૫૦ |
| સીંગદાણા | ૯૦૦ | ૧૩૧૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૦૧ | ૧૫૯૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૮ |
| ચણા | ૮૦૦ | ૧૦૫૧ |
| અડદ | ૬૦૧ | ૧૨૦૧ |
| તુવેર | ૭૦૧ | ૧૧૫૧ |
| મગફળી | ૬૦૧ | ૯૫૧ |
| સીંગફાડા | ૧૦૦૧ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૧૦૫૧ | ૧૭૭૬ |
| મેથી | ૬૦૧ | ૯૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૦૧ |
| સોયાબીન | ૬૦૧ | ૮૧૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગીર ગઢડાના નીતલી ગામે ખેડૂતની હત્યા, પોલીસની ઝડપી કાર્યવાહીથી આરોપી ઝડપાયો

ઉના,તા.૧૯


તસવીર : કૈલાશ ભટ્ટ

ગીર ગઢડા તાલુકાના નીતલી ગામે ૧૭ સપ્ટેમ્બરના રોજ ખેડૂત રામજીભાઈ વલ્લભભાઈ શેલડીયા પોતાની વાડીમાં માંડવીનું કામ કરી રહ્યા હતા ત્યારે અજાણ્યા શખ્સે માથા અને પગના ભાગે ઘાતકી હુમલો કરી તેમની હત્યા કરી દીધી હતી. આ બનાવ અંગે મૃતકના પુત્ર જગદીશભાઈએ ગીર ગઢડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો. ઘટનાની ગંભીરતા જોતા પોલીસ ઈન્સ્પેકટર યુ.બી. રાવલ તથા તેમની ટીમે લોકલ ક્રાઈમ બ્રાન્ચ, એસ.ઓ.જી. અને ટેક્નિકલ તપાસની મદદથી અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. ગણતરીની કલાકોમાં શંકાસ્પદ શૈલેષભાઈ હરજીભાઈ પૂર્વે ગોબરભાઈ પાટડીયા, નીતલી વાળાને રાઉન્ડઅપ કરી પૂછપરછ કરતા તેણે ગુનો કબૂલ કર્યો હતો. આરોપીએ પોતાની પત્ની ઉપર શંકા રાખતા ગુનો આચર્યો હોવાનું બહાર આવ્યું હતું. આ કામગીરીમાં ગીર ગઢડા પોલીસ સ્ટાફ, એલ.સી.બી. ઈન્ચાર્જ એ.બી. સિંધવ, એસ.ઓ.જી. ઈન્ચાર્જ એન.બી. વાઘેલા સહિતના અધિકારીઓનો મહત્ત્વનો ફાળો રહ્યો હતો.

# ગુજરાતભરમાં ૩૦થી વધુ સ્થળે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના નેજા હેઠળ નવરાત્રિ મહોત્સવ યોજાશે

રાજકોટ,તા.૧૯



૨૨ સપ્ટેમ્બરથી નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ સર્વે સમાજના ભાઈઓ-બહેનો પારિવારિક માહોલમાં ગરબે રમીને આદ્યશક્તિની આરાધના કરી શકે તે માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા નવરાત્રિ મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું છે. ટ્રસ્ટ દ્વારા રાજકોટ શહેરના અલગ અલગ ચાર ઝોન ઉપરાંત ગુજરાતના વિવિધ શહેરોમાં નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ મહોત્સવ યોજાશે. અદ્યતન સાઉન્ડ સિસ્ટમ, વિશાળ મેદાન, લાઈટીંગ, બહેનોની સંપૂર્ણ સુરક્ષા અને પારિવારિક માહોલમાં આ નવરાત્રિ મહોત્સવ યોજાશે. ૨ ઓક્ટોબર સુધી યોજાનાર આ મહોત્સવમાં દેશ-વિદેશમાં ખ્યાતિ મેળવનાર ગાયક કલાકારો ખેલૈયાઓને ગરબે રમાડશે. મહોત્સવની ટીમ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સિક્યુરીટી, સીસીટીવી કેમેરા, વિશાળ પાર્કિંગ ઉપરાંત સ્વયંસેવકોની પણ મોટી સંખ્યામાં વ્યવસ્થા કરાઈ છે. રાજકોટ શહેરમાં નોર્ઝ ઝોન, વેસ્ટ ઝોન, ઈસ્ટ ઝોન અને સાઉથ ઝોન ઉપરાંત રાજ્યભરમાં ૩૦થી વધુ સ્થળે શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવનું આયોજન કરાયું છે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, જૂનાગઢ, અમરેલી, દામનગર, ભાવનગર, ઉપલેટા, જેતપુર, ધોરાજી, ગોંડલ, જસદણ, સોમનાથ, જામનગર, ધ્રોલ, લતીપર, અંકલેશ્વર, પરસોડા સહિતના સ્થળે નવરાત્રિ મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

# પ્રધાનમંત્રીના મોદીના જન્મદિને ગીર સોમનાથ જિ.પં.કચેરીએ વૃક્ષારોપણ

ઉના,તા.૧૯


તસવીર : કૈલાશ ભટ્ટ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના અવસરે સમગ્ર દેશમાં સ્વચ્છતા પખવાડિયાની શરૂઆત થઈ છે. ક્લીન સાથે ગુજરાત ગ્રીન પણ બને તેવા ઉમદા અભિગમ સાથે વૃક્ષારોપણ અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે જિલ્લા પંચાયત કચેરી ખાતે યોજાયેલા સ્વચ્છતા અભિયાનની શરૂઆત સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે સામાન્ય સફાઈકર્મી તરીકે કાર્યરત અરૂણાબહેન મનીષભાઈ વાજાના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# ધારાસભ્ય કૌશિક વેકરીયાના હસ્તે અમરેલીમાં સરસ મેળાનો થયો પ્રારંભ

અમરેલી,તા.૧૯



પ્રગતિ ગુજરાતની એ વિચારને કેન્દ્રમાં રાખી ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. (ગ્રામ વિકાસ વિભાગ) દ્વારા આયોજિત ‘સરસ મેળો-૨૦૨૫’નો અમરેલી સ્થિત ફોરવર્ડ ગ્રાઉન્ડ ખાતેથી વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી-કુંકાવાવ-વડીયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ ભરતભાઈ સુતરીયાએ દબદબાભેર પ્રાંરભ કરાવ્યો હતો. મહિલા સ્વસહાય જૂથોને પ્રોત્સાહન મળે તે માટે જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા પણ ઉપસ્થિત રહ્યા હતા. ‘સરસ મેળો-૨૦૨૫’માં વિવિધ મહિલા સ્વસહાય જૂથોની બહેનો દ્વારા હસ્તકલાની વિવિધ ચીજ-વસ્તુઓનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. જાહેર જનતા આ મેળાની મુલાકાત લઈને ગમતી ચીજ-વસ્તુઓની ખરીદી પણ કરી શકે છે. તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી તા. ૨૮ સપ્ટેમ્બર,૨૦૨૫ સુધી આ મેળાનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.

# ઉના ભાજપ દ્વારા કુમાર અને કન્યાશાળામાં ચિત્રકળા સ્પર્ધા યોજાઈ

ઉના,તા.૧૯



ઉના શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉના પે. સેન્ટર કુમાર શાળા અને ઉના પે. સેન્ટર કન્યા શાળા ખાતે ચિત્રકળા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિત્રકળા સ્પર્ધામાં વિદ્યાર્થીઓને ૧ થી ૩ નંબર આપવામાં આવ્યા હતા. ૧ થી ૩ નંબરના વિદ્યાર્થીઓને શિલ્ડ તેમજ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વિજયભાઈ રાઠોડ, જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી વિનોદભાઈ બાંભણીયા, શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ કારીયા, ઉના નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા સહિતના હાજર રહ્યા હતા.

# અમરેલીમાં સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા અને ‘સહકારથી સમૃદ્ધિ’ પરિસંવાદ યોજાશે

અમરેલી,તા.૧૯



અમરેલી જિલ્લાની સહકારી સંસ્થાઓ દ્વારા આગામી રવિવાર, ૨૧ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦:૦૦ કલાકે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં જિલ્લાની સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા અને કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદ (કાડ) દ્વારા ’સહકારથી સમૃદ્ધિ પરિસંવાદ’ યોજાશે. આ કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ તથા સહકાર મંત્રી અમિત શાહના ’સહકારથી સમૃદ્ધિ’ના સૂત્રને સાર્થક કરવાનો છે. આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, ઈફકોના એમ.ડી. કે.જે. પટેલ સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં લાભાર્થીઓને ચેક વિતરણ, સહકારી મંડળીઓનું સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. આ કાર્યક્રમમાં જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, અમર ડેરી, જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ જેવી અગ્રણી સહકારી સંસ્થાઓની સંયુક્ત સભા યોજાશે. આયોજનને આખરી ઓપ આપવા માટે અમર ડેરીના પ્રમુખ અશ્વિનભાઈ સાવલીયા, ઉપપ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને અન્ય અગ્રણીઓ જહેમત ઉઠાવી રહ્યાં છે.

# સુરતના વરાછા ખાતે સ્વ. ભરતભાઈ બોરડની બારમાની વિધિમાં રક્તદાન કેમ્પ યોજાયો

**કેમ્પમાં ૨૧ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું**

અમરેલી, તા.૧૯



સુરતના વરાછા ખાતે સ્વર્ગસ્થ ભરતભાઈ ગોવિંદભાઈ બોરડની બારમાની વિધિ (પાણીઢોળ) નિમિત્તે બોરડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિશેષ રક્તદાન કેમ્પ યોજાયો હતો. ટ્રસ્ટના પ્રમુખ કલ્પેશભાઈ બોરડના સંચાલન હેઠળ આયોજિત આ કેમ્પમાં ૨૧ બોટલ રક્ત એકત્રિત થયું હતું. સ્વ. ભરતભાઈ કેન્સરથી પીડિત હતા, બોરડ પરિવારે સમાજને સકારાત્મક સંદેશ આપ્યો છે. આ પ્રેરણાથી સાત વ્યક્તિઓએ વ્યસન મુક્ત થવાનો સંકલ્પ લીધો અને સમાજ માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આવાં આયોજનોથી સ્વ. ભરતભાઈની સ્મૃતિને સાચી શ્રદ્ધાંજલિ અપાઈ રહી છે તેમજ સમાજમાં સ્વાસ્થ્ય અને વ્યસન મુક્તિ અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે.

# જખૌબંદરથી કોડીનાર સુધી એસટી બસમાં મુસાફરોને યાતના : ૬૦૦ કિલોમીટરનું અંતર ઊભા ઊભા કાપવું પડ્યું

જાફરાબાદ, તા. ૧૯



તસવીર : કુલદીપ પાઠક

એસટી તંત્રની બેદરકારીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે, જેમાં જખૌબંદરથી દીવ તરફ જતી એક બસમાં મુસાફરોને ૬૦૦ કિલોમીટરનું લાંબું અંતર ઊભા રહીને કાપવાની ફરજ પડી હતી. ૧૮ ઓગસ્ટના રોજ જખૌબંદરથી દીવ જવા માટે ઉપડેલી બસમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરો સવાર હતા. બસની કુલ બેઠક ક્ષમતા ૫૨ મુસાફરોની હોવા છતાં, તમામ સીટો તો ભરેલી હતી જ, પરંતુ મોટી સંખ્યામાં મુસાફરોએ જખૌબંદરથી કોડીનાર સુધીની લાંબી મુસાફરી ઊભા રહીને કરી હતી. સ્થાનિક ધારાસભ્ય દ્વારા પણ આ માંગણી એક વર્ષ કરતાં વધુ સમયથી કરવામાં આવી છે, તેમ છતાં અમરેલી એસટી વિભાગે કોઈ કાર્યવાહી કરી નથી. આ બાબતે કોટડા ગામના જાગૃત મુસાફર સુરેશભાઈએ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી હતી.

# વિરાટનગર પે સેન્ટર શાળા કલા મહોત્સવમાં લોકનૃત્યમાં પ્રથમ



તસવીર : ધર્મેશ પાઠક

કોડીનાર,તા.૧૯

કોડીનાર તાલુકાની પીએમ શ્રી વિરાટનગર પે સેન્ટર શાળાએ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે યોજાયેલા જિલ્લાકક્ષાના કલા મહોત્સવમાં લોકનૃત્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળા પરિવારનું ગૌરવ વધાર્યું છે. હંસાબેન સેવરા અને સ્ટાફે તૈયારી કરાવી હતી જ્યારે આચાર્ય ભાવસિંહભાઈએ પ્રોત્સાહન આપ્યું હતું.

# રાજુલામાં ‘જય માતાજી ગ્રુપ’ દ્વારા નવરાત્રિ મહોત્સવનું ભવ્ય આયોજન

રાજુલા,તા.૧૯

રાજુલા શહેરમાં જય માતાજી ગ્રુપ દ્વારા સતત દસમા વર્ષે ભવ્ય નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગોકુળનગર-શ્રીજીનગર વિસ્તારમાં આવેલા જય માતાજી ગ્રાઉન્ડ ખાતે યોજાનારો આ મહોત્સવ જિલ્લામાં એકમાત્ર એવો છે, જ્યાં માત્ર બહેનો અને બાળાઓને જ પ્રવેશ આપવામાં આવે છે અને પ્રવેશ માટે કોઈપણ ફી લેવામાં આવતી નથી. યુવા ગ્રુપના સભ્યો દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે પોલીસનો કડક બંદોબસ્ત પણ ગોઠવવામાં આવશે. આ વર્ષે ખેલૈયાઓ માટે ખાસ ખ્યાતનામ કલાકારો કિશન સોલંકી અને શીતલ રાગડીયા ગરબાની રમઝટ બોલાવશે. તેમની સાથે બેન્જો ગરબા ટીમનું મેનેજમેન્ટ પ્રશાંતભાઈ ગોંડલીયા અને પ્રસાર માધ્યમની જવાબદારી કાના મહેશભાઈ સહિતની ટીમ સંભાળશે. મહોત્સવ દરમિયાન દરરોજ માતાજીની મહાઆરતી અને પ્રસાદીનું વિતરણ કરવામાં આવશે. દશેરાના દિવસે વિજેતા બાળકોને મહાનુભાવોના હસ્તે ઈનામો પણ આપવામાં આવશે. પ્રથમ દિવસે સંતો અને રાજકીય અગ્રણીઓની ઉપસ્થિતિમાં મહાઆરતી બાદ મહોત્સવનો પ્રારંભ થશે.

# સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાનનો ડોળાસા ખાતેથી પ્રારંભ

**આઠ નિષ્ણાત ડોકટરો દ્વારા એક મેગા મેડિકલ કેમ્પનું આયોજન થયું**

કોડીનાર,તા.૧૯


તસવીર : કુલદીપ પાઠક

જૂનાગઢ મેડિકલ કોલેજના આઠ નિષ્ણાત ડોકટરો દ્વારા એક મેગા મેડિકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડોળાસા અને આસપાસના વિસ્તારોના અનેક દર્દીઓએ લાભ લીધો હતો. સિનિયર ગાયનેકોલોજિસ્ટ ડો. મધુરીકાબેન ત્રિવેદીએ ખાસ કરીને ૧૧ થી ૧૯ વર્ષની કિશોરીઓનું કાઉન્સેલિંગ પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકાના ઉપપ્રમુખ શીવાભાઈ સોલંકી, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ વિશાલભાઈ ગાધે, માજી તાલુકા ભાજપ પ્રમુખ ભગુભાઈ પરમાર, હાલના તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ બારડ, તાલુકા શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ પરમાર, ગામના સરપંચ ગોવિંદભાઈ કાતિરા, ઉપસરપંચ સુભાષભાઈ મોરી, માજી સરપંચ પ્રતાપભાઈ મોરી સહિત અન્ય અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનારની સોમનાથ એકેડમીની ટીમે ગીર સોમનાથ જિલ્લા કબડ્ડી સ્પર્ધામાં ત્રણેય કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવ્યું

કોડીનાર,તા.૧૯


તસવીર : ધર્મેશ પાઠક

ગત તારીખ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ કોડીનાર ખાતે યોજાયેલી ૬૯મી ગીર સોમનાથ જિલ્લા શાળાકીય કબડ્ડી સ્પર્ધામાં ડીએલએસએસ (DLSS) સોમનાથ એકેડમીની બહેનોની ટીમોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં ગીર સોમનાથ જિલ્લાના તમામ તાલુકાઓની વિવિધ શાળાઓએ ભાગ લીધો હતો, પરંતુ સોમનાથ એકેડમીની ટીમોએ પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો. સોમનાથ એકેડમીની અંડર-૧૪, અંડર-૧૭, અને અંડર-૧૯ એમ ત્રણેય કેટેગરીની ટીમોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને દરેક સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આ જીતથી શાળા અને ખેલાડીઓના પરિવારોનું ગૌરવ વધ્યું છે. આ સફળતા બદલ સોમનાથ એકેડમીના પ્રમુખ કરસનભાઈ સોલંકી, જિલ્લા રમત વિકાસ અધિકારી કાનજીભાઈ ભાલીયા, કેમ્પસ ડાયરેક્ટર કૃણાલભાઈ સોલંકી, મેનેજર રણજીતભાઈ દાહીમા, કબડ્ડી કોચ રીટા ચૌધરી અને શાળા પરિવારે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે. આ વિજેતા ખેલાડીઓ હવે આગામી સમયમાં રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ગીર સોમનાથ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. તેમના આ ઉત્કૃષ્ટ પ્રદર્શનથી ભવિષ્યમાં રાજ્ય અને દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# પીએમ મોદીના આગમન પૂર્વે જ ભાવનગરમાં ગાંજા અને રોકડ સાથે પાંચ શખ્સોની ધરપકડ

ભાવનગર,તા.૧૯

ભાવનગરમાં પોલીસે ગાંજાની દાણચોરીના એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. મુંબઈથી ગાંજો મોકલનાર પાર્થ ભટ્ટ સહિત પાંચ લોકોની ગાંજો અને રોકડ સાથે ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપીના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે, પરંતુ આ ગુનાહિત નેટવર્કનો મુખ્ય સૂત્રધાર શ્રીરંગન હજુ પણ ફરાર છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આ રેકેટે ત્રીજી



વખત ગાંજાના પાર્સલનો ઓર્ડર આપ્યો છે. ભાવનગર પોલીસને ગુપ્ત માહિતી દ્વારા શહેરમાં ગાંજાની દાણચોરીની માહિતી મળી હતી. આ માહિતીના આધારે પોલીસે ઝડપી કાર્યવાહી કરી અને ઋતુરાજ સિંહ સહિત પાંચ લોકોની ધરપકડ કરી.આરોપીઓ પાસેથી મોટી માત્રામાં ગાંજો અને રોકડ જપ્ત કરવામાં આવ્યા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ગાંજો મુંબઈથી ભાવનગર લાવવામાં આવ્યો હતો અને આ રેકેટનું આયોજન અત્યંત ગુપ્તતામાં કરવામાં આવ્યું હતું. આ રેકેટમાં સામેલ અને મુંબઈથી ગાંજો સપ્લાય કરનાર પાર્થ ભટ્ટની ધરપકડ પોલીસ માટે એક મોટી સફળતા છે. પોલીસે પાર્થની વિગતવાર પૂછપરછ શરૂ કરી છે, જેથી ગુનાહિત નેટવર્કના સંબંધો અને સંચાલન વિશે વધુ માહિતી મળી શકે.

# સુરતના લીંબાયતમાં ૩ કલાકમાં ૬ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકાર

સુરત,તા.૧૯

સુરત શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી મેઘમહેર યથાવત્ છે. ૧૯ સપ્ટેમ્બરે શહેરના વિવિધ વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આભ ફાટ્યું હોય એ રીતે લિંબાયતમાં એક કલાકમાં સાડાચાર ઈંચ અને ૩ કલાકમાં છ ઈંચ વરસાદ ખાબકતાં જળબંબાકારની સ્થિતિનું નિર્માણ



થયું હતું. શહેરના રાજુનગર પોલીસ ચોકીની સામે આવેલા આશાનગરમાં લોકોનાં ઘરોમાં પાણી ઘૂસી ગયાં છે. અનેક વિસ્તારોમાં ગોઠણસમા પાણી ભરાયાં છે. અન્ય વિસ્તારોમાં પણ એક ઈંચથી બે ઈંચ સુધીનો વરસાદ પડ્યો છે, જોકે ડુમસ તરફ વરસાદનો એક છાંટો પણ પડ્યો નથી. હવામાન વિભાગે શુક્રવારે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી કરી હતી, જે મુજબ સુરત, વડોદરા અને ભરૂચમાં મેઘમહેર જોવા મળી છે. સવારના ૬થી ૪ વાગ્યા સુધીમાં રાજ્યના ૩૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે.

**દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર, ૩૪ તાલુકાઓમાં વરસાદ**

# પીએમ મોદીએ ભારતને વિશ્વ શક્તિ બનાવવાનું શક્ય બનાવ્યું : સીએમ યોગી

મથુરા,તા.૧૯

યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ શુક્રવારે સવારે મથુરા પહોંચ્યા હતા. અહીં, તેમણે પંડિત દીનદયાળ ઉપાધ્યાય સ્મૃતિ મહોત્સવ મેળામાં ભાગ લીધો. સીએમ યોગીએ પણ સભાને સંબોધિત કરી હતી. સીએમ યોગીએ કહ્યું કે આજના ભારતના યુવાનોમાં નોકરી શોધનારા નહીં પણ નોકરીદાતા બનવાની ક્ષમતા છે. સીએમ યોગીએ કહ્યું કે ધર્મનિરપેક્ષ હોવાનો દાવો કરતી અગાઉની કેન્દ્ર સરકારો ભારતને વૈશ્વિક શક્તિ બનાવવામાં નિષ્ફળ ગઈ, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તે શક્ય બનાવ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં, આપણે ભારતને પરિવર્તન કરતા જોયું છે. સીએમ યોગીએ કહ્યું, "પંડિત દીનદયાળ ઉપાધ્યાયનું સ્વપ્ન ત્યારે સાકાર થાય છે જ્યારે ભારત પીએમ મોદી પાસેથી વોકલ ફોર લોકલ અને સ્વદેશીનો મંત્ર સાંભળે છે અને તેને જમીન પર અસરકારક રીતે અમલમાં મૂકતો જુએ છે.

# ભારત તેના પડોશીઓ સાથેના સંબંધોમાં નસીબદાર નથી : સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ

નવીદિલ્હી,તા.૧૯

દેશની સુરક્ષા ફક્ત સરહદ પર લડાયેલા યુદ્ધો દ્વારા નક્કી થતી નથી, પરંતુ સમગ્ર દેશના લોકોના સંકલ્પ અને એકતા દ્વારા નક્કી થાય છે. ૧૯૬૫ના યુદ્ધના નિવૃત્ત સૈનિકો સાથે વાતચીત કરતી વખતે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આ વાત કહી હતી. ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધના બહાદુર સૈનિકો સાથેની વાતચીતમાં, સંરક્ષણ



પ્રધાન રાજનાથ સિંહે કહ્યું, "ભારત તેના પડોશીઓ સાથેના સંબંધોના સંદર્ભમાં ભાગ્યશાળી રહ્યું નથી... પરંતુ આપણે આને ભાગ્ય તરીકે સ્વીકાર્યું નથી. આપણે આપણું ભાગ્ય પોતે નક્કી કર્યું છે... તેનું ઉદાહરણ ઓપરેશન સિંદૂર છે." પોતાના સંબોધન દરમિયાન, સંરક્ષણ પ્રધાને દેશના વિકાસમાં સૈનિકો અને ખેડૂતોની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે પણ વાત કરી. રક્ષા પ્રધાને કહ્યું કે આપણે પહેલગામની ભયાનક ઘટનાઓને ભૂલી શક્યા નથી, અને જ્યારે પણ આપણે તેમને યાદ કરીએ છીએ, ત્યારે આપણા હૃદય ભારે થઈ જાય છે અને આપણા મન ગુસ્સાથી ભરાઈ જાય છે. ત્યાં જે બન્યું તે આપણને બધાને હચમચાવી નાખે છે. પરંતુ તે ઘટનાએ આપણું મનોબળ તોડ્યું નહીં. રાજનાથ સિંહે કહ્યું, "આપણા વડાપ્રધાને આતંકવાદીઓને એવો પાઠ ભણાવવાનો સંકલ્પ કર્યો જે તેઓ ક્યારેય કલ્પના પણ ન કરી શકે. અમે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું.

# બજેટ કાપના વિરોધને લઈ ફ્રાન્સમાં લોકો રસ્તા પર ઉતર્યા

પેરિસ,તા.૧૯

બજેટ કાપને લઈને ફ્રાન્સમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. ગુરુવારે ટ્રેડ યુનિયનોએ હડતાળનું એલાન આપ્યું હતું, જેમાં લાખો લોકો ઉમટી પડ્યા હતા. પેરિસ, લિયોન, નેન્ટેસ, માર્સેલી, બોર્ડેક્સ, ટુલૂઝ અને કેન જેવા શહેરોમાં રસ્તાઓ બ્લોક કરવામાં આવ્યા હતા. સરકારી આંકડાઓ અનુસાર, આ વિરોધ પ્રદર્શનોમાં ૫ લાખથી વધુ લોકો રસ્તા પર ઉતર્યા હતા, જ્યારે યુનિયનોએ આ સંખ્યા ૧૦ લાખ જણાવી છે. સુરક્ષા

**સુરક્ષા માટે ૮૦ હજારથી વધુ પોલીસ તૈનાત**

માટે દેશભરમાં ૮૦ હજારથી વધુ પોલીસ અધિકારીઓ તહેનાત કરવામાં આવ્યા છે, અને ૧૪૧થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. કેટલીક જગ્યાએ પથ્થરમારો અને ટીયર ગેસના શેલ છોડવામાં આવ્યા હતા, પરંતુ મોટાભાગના વિરોધ શાંતિપૂર્ણ રહ્યા હતા. શાળાના બાળકોએ પણ ઘણી જગ્યાએ હાઈવે બ્લોક કર્યા હતા.

# ભારતે કરેલા હુમલામાં મુરિદકેમાં લશ્કરની છાવણીનો નાશ થયો હતો : આંતકી કાસિમ

નવીદિલ્હી,તા.૧૯

જૈશ પછી, લશ્કર-એ-તૈયબાના કમાન્ડર કાસિમે પાકિસ્તાનનો પર્દાફાશ કર્યો છે. લશ્કર કમાન્ડર કાસિમે સ્વીકાર્યું કે ૭ મેના રોજ સવારે કરવામાં આવેલા હુમલામાં મુરિદકેમાં લશ્કર-એ-તૈયબા (મરકઝ) નાશ પામ્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે આતંકવાદી છાવણીનું પુનઃનિર્માણ થઈ રહ્યું છે. જોકે પાકિસ્તાન સતત



ભારતીય સેનાની કાર્યવાહીથી થયેલા કોઈપણ નુકસાનનો ઈનકાર કરે છે, કાસિમે કેમેરા સામે ઉભા રહીને આ હકીકત સ્વીકારી. સોશિયલ મીડિયા પર ફરતા એક વીડિયોમાં, લશ્કર કમાન્ડર કાસિમ કહેતો જોવા મળે છે કે, "હું મુરિદકેમાં મરકઝ તૈયબાના ખંડેર પર ઉભો છું, જે ભારતીય હુમલામાં નાશ પામ્યો હતો. પુનર્નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આ મસ્જિદ પહેલા કરતા પણ મોટી હશે." વાયરલ વીડિયોમાં, કાસિમ એક બાંધકામ સ્થળ પાસે ઉભો જોવા મળે છે. તે કહે છે, "હું મુરિદકેમાં મરકઝ તૈયબાના ખંડેર પર ઉભો છું, જે હુમલામાં નાશ પામ્યો હતો. પુનર્નિર્માણ કાર્ય ચાલુ છે."

# અનિલ અંબાણી અને રાણા કપૂર માટે મુશ્કેલીઓ વધી, સીબીઆઈએ બે કેસમાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૯

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશને અનિલ અંબાણીની ગ્રુપ કંપનીઓ આરસીએફએલ અને આરએચએફએલ, યસ બેંક અને રાણા કપૂરની પત્ની બિંદુ કપૂર અને પુત્રીઓ રાધા કપૂર અને રોશની કપૂરની માલિકીની કંપનીઓ વચ્ચે કથિત છેતરપિંડી વ્યવહારો સંબંધિત બે કેસમાં ચાર્જશીટ દાખલ કરી છે. સીબીઆઈએ



જણાવ્યું હતું કે અનિલ અંબાણી એડીએ ગ્રુપના ચેરમેન હતા. તેઓ આરસીએફએલ અને આરએચએફએલની હોલ્ડિંગ કંપની રિલાયન્સ કેપિટલ લિમિટેડના ડિરેક્ટર પણ હતા. એક નિવેદનમાં, સીબીઆઈએ જણાવ્યું હતું કે, "તપાસ એજન્સીએ બે કેસમાં ચાર્જશીટ દાખલ કરી છે. એક ચાર્જશીટ અનિલ અંબાણી ગ્રુપ કંપનીઓ આરસીએફએલ અને આરએચએફએલ વચ્ચેના છેતરપિંડી વ્યવહારો સાથે સંબંધિત છે, અને બીજી યસ બેંક અને રાણા કપૂરની પત્ની બિંદુ કપૂર અને પુત્રીઓ રાધા કપૂર અને રોશની કપૂરની માલિકીની કંપનીઓ વચ્ચેના છેતરપિંડી વ્યવહારો સાથે સંબંધિત છે.

# પાટણમાં સહ વિદ્યાર્થીના ટોર્ચરને કારણે સગીરાએ ફિનાઈલ પીતાં ખળભળાટ

(એચ.એસ.એલ),પાટણ,તા.૧૯

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યા બાદથી શરૂ થયેલો શાળામાં વિદ્યાર્થીઓની સુરક્ષાનો મુદ્દો હાલ અતિ ગંભીર સ્વરૂપ ધારણ કરી રહ્યો છે, તેવામાં પાટણના સરસ્વતી તાલુકામાંથી પણ વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો હાલ સામે આવ્યો છે. સરસ્વતી તાલુકાના ચોરમારપુરા ખાતે આવેલ કેન્દ્રીય વિદ્યાલયમાં ૧૩ વર્ષની સગીર



વિદ્યાર્થિનીને અન્ય સાથી વિદ્યાર્થીએ રિસેસ દરમિયાન બ્લેડના ચેકા મારી, લાઈટર વડે ડામ દીધો હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ ભયાનક ટોર્ચરથી ત્રાસીને સગીર વિદ્યાર્થિનીએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. જોકે હાલ તે આઈસીયુમાં દાખલ હોવાની માહિતી સામે આવી છે. ચોરમારપુરા કેન્દ્રીય વિદ્યાલયમાં ધોરણ ૮માં અભ્યાસ કરતી આ વિદ્યાર્થિની પર ૧૬ સપ્ટેમ્બરે બપોરે ૧૨ વાગ્યે શાળામાં રિસેસ વખતે ત્રણ સાથી વિદ્યાર્થીઓએ ભયાનક ટોર્ચર કર્યું હોવાનું જાણવા મળ્યું છે.

# જામનગરમાં લાલવાડી વિસ્તારમાં ગેરેજ સંચાલકની નિર્મમ હત્યા

જામનગર,તા.૧૯

જામનગરના લાલવાડી વિસ્તારમાં શુક્રવારે પરોઢિયે એક ગેરેજ સંચાલક યુવાનની હત્યા થઈ હતી. ગુલાબનગર વિસ્તારમાં રહેતા અને લાલવાડીમાં ગેરેજ ચલાવતા ૨૭ વર્ષીય અખ્તર રફિકભાઈ ખીરા નામના યુવાનને માથામાં બોથડ પદાર્થના ઘા ઝીંકી હુમલો કરાયો હતો. લોહીલુહાણ હાલતમાં તેને જી.જી. હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ સીટી-એ ડિવિઝન પોલીસનો કાફલો, પીઆઈ એન. એ. ચાવડા સહિત, ઘટનાસ્થળે અને જી.જી. હોસ્પિટલ પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૃતકના પરિવારજનો પણ હોસ્પિટલ દોડી આવ્યા હતા, જ્યાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# વિજાપુરના ગેરીતા ગામે પરિણીતાની પવિત્રતાની ચકાસણી માટે ઉકળતા તેલમાં હાથ-પગ ડૂબાડ્યા

મહેસાણા,તા.૧૯

ઉત્તર ગુજરાતમાં આવેલા મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ગેરીતા ગામમાં અંધશ્રદ્ધાના કારણે એક પરણિત મહિલા પર થયેલા ક્રૂર અત્યાચારે સમગ્ર વિસ્તારને હલાવી નાખ્યો છે. પતિના પરિવારના સભ્યોએ પરણિતા પર અન્ય પુરુષ સાથે સંબંધો હોવાના શંકાશીલ આક્ષેપ કરી તેની 'પવિત્રતા' ચકાસવા માટે ઉકળતા તેલમાં હાથ અને પગ નાખવાનો કુપ્રયાસ કર્યો, જેમાં નણંદ, નણંદોઈ સહિત ચાર વ્યક્તિઓ સામેલ હતા. આ ઘટનામાં ગંભીર બળતરાનો ભોગ બનેલી પરણિતાએ વિજાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જે રાજ્યમાં અંધશ્રદ્ધા અને મહિલા વિરુદ્ધ હિંસાના વધતા કેસોનું વધુ એક દુઃખદ ઉદાહરણ બન્યું છે. આ ઘટના ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૫ની સાંજે બની, જેની માહિતી મળતાં જ પોલીસ તપાસમાં જોડાઈ છે.

**પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી, આરોપી ફરાર**

# આણંદના સિંગલાવ ગામના મહિલાની અમેરિકામાં થઈ હત્યા, સ્ટોરમાં બુકાનીધારીઓએ ગોળી મારી

આણંદ,તા.૧૯

ગુજરાતીઓને ડોલર કમાવીને આપતી અમેરિકાની ધરતી હવે જીવલેણ બની રહી છે. છેલ્લા કેટલાક સમયથી અમેરિકામાં ભારતીયોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યાં છે. ત્યારે વધુ એક ગુજરાતીએ અમેરિકામાં જીવ ગુમાવ્યો છે. આણંદની પાટીદાર મહિલાની અમેરિકાના સ્ટોરમાં હત્યા કરવામાં આવી છે. બોરસદના સિંગલાવ ગામની મહિલાની અમેરિકામાં



હત્યા કરવામાં આવી છે. અમેરિકા વેસ્ટ સાઉથ ખાતેના સ્ટોર ખાતે આ ઘટના બની હતી. જેમાં કિરણબેન પટેલ નામની મહિલાની હત્યા કરવામાં આવી છે. સ્ટોર પર આવી ચઢેલા બુકાનીધારીએ કિરણબેનને ગોળીથી વીંધી નાખ્યા હતા. કિરણબેન પટેલ છેલ્લાં ૨૩ વર્ષથી પરિવાર સાથે અમેરિકા સ્થાયી થયા હતા. કિરણબેનના લગ્ન પેટલાદ તાલુકાના આશી ગામે થયા હતા. લગ્ન બાદ તેઓ અમેરિકા સ્થાયી થયા હતા. સાઉથ કેરોલીના યુનિયન કાઉન્ટીમાં ગેસ સ્ટેશન કમ સ્ટોર પર આ ઘટના બની હતી. ૧૬ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૧૦ વાગે કિરણબેન સ્ટોર પર કામ કરી રહ્યા હતા, ત્યારે કારમાં આવેલા બુકાનીધારીએ તેમને બંદૂક બતાવી હતી. જેના બાદ કિરણબેન જીવ બચાવવા સ્ટોરની બહાર ભાગ્યા હતા.

# પૂર્વ ધારાસભ્ય પોપટ સોરઠીયા હત્યા કેસમાં અનિરૂધ્ધસિંહ જાડેજાનું ગોંડલ કોર્ટમાં આત્મસમર્પણ

ગોંડલ,તા.૧૯

ગોંડલના ચકચારી પૂર્વ ધારાસભ્ય પોપટ સોરઠિયા હત્યા કેસમાં આજીવન કેદની સજા પામેલા રીબડાના અનિરૂદ્ધસિંહ જાડેજાએ ૧૯મી સપ્ટેમ્બરે ગોંડલ કોર્ટમાં આત્મસમર્પણ કર્યું છે. સુપ્રીમ કોર્ટે એક દિવસ પહેલા આપેલા સ્ટેને શુક્રવારે પરત ખેંચી લેતા અનિરૂદ્ધસિંહ જાડેજાએ આત્મસમર્પણ કરવાની ફરજ પડી હતી. ગુરુવારે (૧૮મી સપ્ટેમ્બર)



સુપ્રીમ કોર્ટે અનિરૂદ્ધસિંહ જાડેજાના આત્મસમર્પણના આદેશ પર એક અઠવાડિયા માટે સ્ટે આપ્યો હતો, પરંતુ શુક્રવારે (૧૯મી સપ્ટેમ્બર) સામા પક્ષની અરજી પર સુનાવણી દરમિયાન કોર્ટે આ સ્ટે પરત ખેંચી લીધો હતો. સવારે ૧૦:૩૦ વાગ્યે શરૂ થયેલી સુનાવણીમાં કોર્ટે જાડેજાને આપેલી રાહત રદ કરી હતી અને તેમને રાત્રે ૮ વાગ્યા સુધીમાં આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના આ આદેશ બાદ અનિરૂદ્ધસિંહ જાડેજાએ શુક્રવારે બપોરે ગોંડલ કોર્ટમાં હાજર થઈ આત્મસમર્પણ કર્યું હતું. કોર્ટમાં હાજર થતાં જ તેમના સમર્થકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ ઉપરાંત ગોંડલ અને રાજકોટ રૂરલ LCB બ્રાન્ચ સહિતનો પોલીસ કાફલો કોર્ટે ગોઠવાયો હતો.

Ministry of Ports, Shipping and Waterways, Government of India | Government of Gujarat | Gujarat Maritime Board

# ભારતીય મૅરીટાઈમ સેક્ટર

વિકાસની લહેરો, વિશ્વાસનો આધાર



# समुद्र से समृद्धि



મૅરીટાઇમ સેક્ટરની કાયાકલ્પ

માનનીય વડાપ્રધાન

## શ્રી નરેન્દ્રભાઈ મોદીના

વરદહસ્તે

## ભારત સરકાર અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

### ₹૭,૬૭૦+ કરોડ

(MoPSW, ભારત સરકાર)ની યોજનાઓ

**ભારતના સમુદ્રી તટીય વિકાસના નવા દ્વાર**

- **શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ ઓથોરિટીની 3 યોજનાઓ:** કન્ટેનર ટર્મિનલ (PPP) દ્વારા વેપારને પ્રોત્સાહન, ફ્લોટિંગ LNG ટર્મિનલથી ઊર્જા પુરવઠામાં વધારો તથા બર્થ આધુનિકીકરણથી પોર્ટ કામગીરીમાં કાર્યક્ષમતામાં થશે વધારો.
- **પારાદીપ પોર્ટ ઓથોરિટીની ૪ યોજનાઓ:** નવા ૨ બર્થનું લોકાર્પણ અને હાલના ૨ બર્થનું મશીનીકરણ જેથી કાર્ગો હેન્ડલિંગ ક્ષમતામાં થશે વધારો.
- **કામરાજર પોર્ટ લિમિટેડની ૨ યોજનાઓ:** સુરક્ષિત અને સાતત્યપૂર્ણ પોર્ટ કામગીરી માટે HSE અનુસરણ અને સંરચનાને મજબૂત બનાવશે.
- **દીનદયાળ પોર્ટ ઓથોરિટીની ૧૧ યોજનાઓ:** ઉન્નત મૉનિટરિંગ અને સુરક્ષા સિસ્ટમ, ગ્રીન બાયો-મીથેનોલ પ્લાન્ટ, બહુહેતુક કાર્ગો બર્થ, નવી ઓઇલ જેટ્ટી, સિવિલ વર્ક અને બર્થ અપગ્રેડેશન – જે વેપાર અને સ્થિરતામાં સુધારો કરશે.
- **ઇનલેન્ડ વૉટરવેઝ ઓથોરિટી ઑફ ઇન્ડિયા (IWAI)ની 3 યોજનાઓ:** ૨ સ્થળોએ શિપ રિપેરિંગ સુવિધાઓ તથા ૧ ફ્રેઇટ વિલેજ – જે આંતરિક પરિવહન અને લોજિસ્ટિક્સ સિસ્ટમને બનાવશે મજબૂત.
- **ચેન્નાઇ પોર્ટ ઓથોરિટી, મુંબઈ પોર્ટ ઓથોરિટી અને અંદામાન-નિકોબાર હાર્બર વર્કસની ૧-૧ યોજના:** પ્રાદેશિક પોર્ટ સુવિધાઓ અને કનેક્ટિવિટી મજબૂત કરશે.

### ₹૨૫,૯૫૪+ કરોડ

(ભારત સરકાર અને ગુજરાત સરકાર)ની ગુજરાતમાં યોજનાઓ

**રસ્તા, ઊર્જા અને પ્રત્યેક નાગરિકની સુવિધામાં કરશે વધારો**

- **ગુજરાત સરકારની ૧૯ યોજનાઓ:** કનેક્ટિવિટી સુધારવા માટે રસ્તાઓ, સ્વચ્છતા માટે ગટર વ્યવસ્થા, ઉન્નત આરોગ્ય સુવિધાઓ, તટીય સુરક્ષા માટે સી-વોલ્સ અને સ્વચ્છ ઊર્જા માટે સૌર પ્રોજેક્ટ્સ.
- **ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રાલયની ૨ યોજનાઓ:** ઊર્જા સુરક્ષા માટે રીગેસિફિકેશન ટર્મિનલ અને ઔદ્યોગિક ઉત્પાદન વધારવા માટે એક્રેલિક્સ/ઓક્સો આલ્કોહોલ પ્રોજેક્ટ.
- **ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રાલયની 3 યોજનાઓ:** સુરેન્દ્રનગર અને વડોદરામાં ૨ સૌર ઊર્જા પ્રોજેક્ટ્સ તથા PM-કુસુમ ફીડર લેવલ સોલરાઇઝેશન – ગ્રામ્ય વીજ પુરવઠાને સશક્ત બનાવશે.
- **ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રાલયની 3 યોજનાઓ:** ૨ મોટા સૌર પ્રોજેક્ટ (300 મેગાવૉટ અને ૬00 મેગાવૉટ) તથા ૧ પવન ઊર્જા પ્રોજેક્ટ (૫0 મેગાવૉટ) – નવીન ઊર્જા ઉત્પાદન વધારવા માટે.
- **ઊર્જા મંત્રાલયની 3 યોજનાઓ:** ખાવડા સોલર પાર્કનો વિકાસ – 3 વિસ્તારોમાં સ્વચ્છ ઊર્જા ક્ષમતામાં થશે વધારો.
- **માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયની ૨ યોજનાઓ:** ગ્રામ્ય વિસ્તારમાં રોડ કનેક્ટિવિટીથી ગુજરાત ગતિશીલતામાં અગ્રેસર

### વિશેષ ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી સર્બાનંદ સોનોવાલ**
માનનીય કેન્દ્રીય મંત્રી
પોર્ટ્સ, શિપિંગ અને જળમાર્ગ, ભારત

**શ્રી મનસુખ માંડવિયા**
માનનીય કેન્દ્રીય મંત્રી
શ્રમ અને રોજગાર, યુવક બાબતો અને રમતગમત, ભારત

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય કેન્દ્રીય મંત્રી
જળશક્તિ, ભારત

### અતિથિ વિશેષ

**શ્રી શાંતનુ ઠાકુર**
માનનીય કેન્દ્રીય રાજ્ય મંત્રી
પોર્ટ્સ, શિપિંગ અને જળમાર્ગ, ભારત

**શ્રીમતી નિમુબેન જે. બાંભણિયા**
માનનીય કેન્દ્રીય રાજ્ય મંત્રી
ગ્રાહકોની બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ, ભારત



૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫, શનિવાર | સવારે ૦૯:૦૦ વાગે | જવાહર ગ્રાઉન્ડ, ભાવનગર, ગુજરાત

જીવંત પ્રસારણ: DD News | CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat